**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨/૩૬૪૦૦૧)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી અધ્યાત્મ | ૩ |
| અમૃતમય જીવનની ઈચ્છા | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| શ્રી શાંતિભાઈ કનેરિયાનું સન્માન | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૫ |
| યોગી બ્રહ્મની મુલાકાત(૩) | અનુ.યોગેશ્વરજી –પોલ બ્રન્ટન | ૨૦ |
| યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડૉ.અરુણિકા મનોજ દરૂ | ૨૯ |
| એક અભિનવ પારાયણ(૩) | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૫ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૪૩ |
| ચમત્કાર, સાક્ષાત્કાર | વિનોબા | ૪૭ |
| નરેન્દ્રની સંશયવૃત્તિ | મહાત્માશ્રી યોગેશ્વરજી | ૫૦ |
| પારસમણિ | ડૉ. પ્રકાશ ગજ્જર | ૫૪ |
| નિત્યનોંધની ડાયરીનાં પૃષ્ઠો | ડૉ.બી.જે.જાગાણી | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# અભિનંદનીય સહાય

સ્વર્ગારોહણ અંબાજી ખાતે હાલ સેવા આપી રહેલ શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, પૂ.ગુરુદેવ યોગેશ્વરજી અને પૂ.માશ્રી સર્વેશ્વરીના અનન્યભક્ત છે. ૧૯૭૦ના દાયકાથી પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રારંભના પરિચયેથી જ તેઓમાં પૂ.યોગેશ્વરજી પ્રત્યે ગુરુભાવ સહજ રીતે જ પ્રગટ્યો. તેના પરિણામે તેમનાં પત્ની શ્રી હસુમતિબેન, તેમજ દીકરીઓ શ્રી ધર્મજ્ઞા, અર્ચના, અને ઉર્વશી, તેમજ તેમના પરિવારો પણ શ્રીયોગેશ્વર પરિવારમાં વર્ષોથી જોડાયાં છે.

આ ઉપરાંત તેમના દીકરા પ્રો.શ્રી આશિષ ગોહિલ, પુત્રવધૂ ડૉ.શ્રીકુન્દનબેન, સંતાનો કુ. શ્રી વૈષ્ણવી તેમજ પુત્ર શ્રી નિર્લેપ પણ પૂ.મા–પ્રભુના યુવા અને બાળ ભક્તોમાં માન પામ્યાં છે.

એવા પૂ.શ્રી મા–પ્રભુના સમર્પિત ભક્ત ગોહિલભાઇ પરિવાર તરફથી અધ્યાત્મના જૂન, ૨૦૧૨ના અંકની પ્રસિદ્ધિનો ખર્ચ પ્રાપ્ત થયો છે, તે બદલ એમને અભિનંદન અને આશીર્વાદ. પૂ.મા પ્રભુની કૃપા એ પરિવાર પર ઉતરો ને તેમનો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ થાઓ એવી પ્રભુને પ્રાર્થના.

**–તંત્રી, અધ્યાત્મ.**



# અમૃતમય જીવનની ઈચ્છા

**–યોગેશ્વરજી**

પરમાત્માની કૃપા વિના અંતરના ઊંડાણમાં ઊતરીને અનુભવનાં મોંઘાં મોતી કોણ મેળવી શકે છે? જ્ઞાનના ઉત્તમ રહસ્યની પ્રાપ્તિ પણ તેની કૃપા વિના કોણ કરી શકે છે? પરમાત્મા પોતે પરમ જ્ઞાનની મૂર્તિરૂપ છે; પરમ જ્ઞાન ને પરમાત્માને એક કહેવામાં આવે છે. એટલે જ્ઞાનની ઉપલબ્ધિ માટે પરમાત્માની કૃપા આવશ્યક છે. ખરી રીતે તો એમ છે કે પરમાત્માની પ્રાપ્તિ થઇ એટલે પરમ જ્ઞાન મળી ગયું, કેમકે બધી જાતના ઉત્કૃષ્ટ અધ્યાત્મજ્ઞાન કે તત્ત્વજ્ઞાનનું પર્યવસાન પરમાત્મામાં જ થાય છે.

જ્ઞાન, ભક્તિ કે યોગ સૌના અધિષ્ઠાતા ને પ્રાપ્તવ્ય પરમાત્મા જ છે. તે ધારે તો મૂંગાને પણ વાણી આપી શકે ને નિરક્ષરને પણ સાક્ષર બનાવી દે. સાધારણ પુરુષને પણ તે પરમ પ્રજ્ઞાવાન ને પંડિતની પદવીએ પહોંચાડી દે. તે છે જ સર્વસમર્થ; પરંતુ તે માટે, તેની કૃપાના લાભ માટે તેનું શરણ લેવું જોઇએ; તેની પ્રાર્થના ને તેનું રટણ કરવું જોઇએ; તેની પ્રસન્નતા માટે તેને પ્રિય એવા નીતિ ને સદાચારને માર્ગે ચાલવું જોઇએ; ને તેની કૃપાના ચાતક અથવા તેના પ્રામાણિક, પ્રખર ને પ્યારા પ્રેમી થવું જોઇએ. તે જ તેનું શરણ છે. એવી ભક્તિ ને શરણાગતિ સદાય સહાયક ને સુધાસ્વરૂપ નીવડે છે. શરણાગતિ ભાવની એ સુધામાં સ્નાન કરતાં ઋષિ ચોથા અનુવાકના આરંભમાં જ ભાવના કરે છે કે વેદોમાં જેને સર્વોત્તમ કહેવામાં આવ્યા છે, તે વિશ્વમાં બધે વ્યાપક છે, એટલું જ નહીં પણ જે વિશ્વરૂપ છે,

વળી જે અનાદિ, વેદથી પણ પુરાતન ને અમૃતમય છે, તે ઇન્દ્રના નામથી ઓળખાતા પરમાત્મા મને શક્તિ આપો; તેમની કૃપાથી મને એવી અલૌકિક શક્તિ મળો કે હું વેદોના જ્ઞાનને સમજી ને અનુભવી શકું; વેદોમાં કહેલી ઉન્નતિની ચરમ રૂપરેખાને હું મારા જીવનમાં મૂર્ત કે સાકાર કરી શકું એવી પ્રજ્ઞા અથવા વિવેકશક્તિનું દાન તે મને આપો એવી મારી પ્રાર્થના છે. ઋષિ કહે છે કે હે પ્રભુ, હું અમૃતને ધારણ કરનારો બનું. મતલબ કે મારું જીવન અમૃતમય બની જાય એવી કૃપા કરી દો.

આ અમૃત એટલે શું? સૌથી સર્વોત્તમ અમૃત તો પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ છે. તેથી જીવન મધુમય, મંગલ ને અમૃતમય બની જાય છે. તે ઉપરાંત પરમાત્માનો પવિત્ર પ્રેમ ને પરમાત્માનું જ્ઞાન પણ અમૃતમય કહેવાય છે. એનો આસ્વાદ અલ્પ માત્રામાં મળે તોપણ કોઇનુંય ક્લેવર બદલાઇ જાય છે; તન, મન ને અંતર અનેરાં થાય છે. બીજી રીતે વિચાર કરીએ તો સદ્‌ગુણ કે સાત્ત્વિકતા પણ આ સંસારમાં અમૃતરૂપ છે. તે પણ માનવને સુખશાંતિ આપે છે. જરા સૂક્ષ્મ રીતે વિચારીએ તો આ ત્રણેને તદ્દન નજીકનો સંબંધ છે. સદ્‌ગુણ ને સાત્ત્વિકતા વિના પવિત્ર પ્રેમ કે જ્ઞાન થાય નહીં, ને તે વિના પરમાત્માની અનુભૂતિ પણ અશક્ય છે. એટલે પહેલાં, બંને પ્રકારના અમૃતપાનથી પરમાત્માની પ્રાપ્તિ અથવા અનુભૂતિરૂપી અલૌકિક અમૃત સુલભ બની શકે છે. એ અમૃત ને એવા અમૃતમય જીવનની જ ઋષિ ઇચ્છા કરે છે.

### અમૃતમય જીવન

એ જીવન કેવું હોય? એવા અમૃતમય જીવનનાં લક્ષણ કેવાં હોય? તે જીવન જેને પ્રાપ્ત થાય તેનાં મન, વચન, તન તેમજ



કર્મમાં નિર્મળતા ને સરસતા આવી જાય; તેના મનમાં ઉત્તમ ને મંગલમય વિચારોનો જ ઉદય થાય; તેના વચનમાંથી જાણે મધુ ટપકે; તે મંગલમય ને મીઠાં બની જાય; તેનું તન સંયમ, સાદાઇ ને સ્વચ્છતાથી શોભી ઊઠે; ને તેનાં કર્મ અહંતા, મમતા, મદ, રાગદ્વેષ ને આસક્તિરહિત બની જાય; તેની વૃત્તિ સદા પ્રભુપરાયણ જ બની રહે. તે સંસારમાં રહે, શ્વાસ લે, પરંતુ સંસાર તેની અંદર ન રહે. તેને સંસારનો પાસ કે કાટ ન લાગે. તેની બધી જ પ્રવૃત્તિ તદ્દન અલિપ્ત ભાવથી પ્રેરાયેલી ને ભરેલી હોય.

નટ જેમ બધી જાતનો આવશ્યક અભિનય કરે છે છતાં તેનું મન તેથી સર્વથા પર રહે છે તેમ જરૂરી કર્તવ્યો કરવા છતાં તેનું મન તેથી રંગાય નહીં, બદલાય નહીં, ને તેની પ્રભુમયતા મરે નહીં. એની આંખ ને એનું અંતર ને રોમરોમ અમૃતથી પણ અદકા એવા પ્રેમરસથી પરિપ્લાવિત હોય; તેમાંથી અમૃત જ ટપક્યા કરે. એવા અમૃતમય જીવનની જ સૌને ઇચ્છા છે. કોઇ જીવનમાં ઝેરની ઇચ્છા નથી રાખતું. પરંતુ કોક તે માટે મહેનત કરે છે ને કોક નથી કરતા. કોઇની મહેનત સાચી દિશામાં હોય છે ને કોઇની નહીં.

દરેક માણસે યાદ રાખવું જોઇએ કે જીવન અત્યંત કીંમતી છે; જીવનના રૂપમાં એક અક્ષય ભંડારનું પોતાને દાન મળ્યું છે એ વાત દરેકે ગાંઠે બાંધી લેવી જોઇએ. એ જીવનરૂપી સંપત્તિનો સદુપયોગ કરવા ને તેના સત્ત્વને વધારવા તેણે બનતો પ્રયાસ કરવો જોઇએ. એ માટે સૌથી પહેલાં આ જીવનને ચાહવાની ને માનની નજરે જોવાની જરૂર છે. જીવન ને જગતને ધિક્કારવાની ફિલસૂફી રોગી મનની નિશાની છે, ને તેનો

કાયમને માટે અંત આવવો જોઈએ. આ જીવન અમર જીવન ને પૂર્ણતાના પ્રવેશદ્વાર જેવું હોઈને જીવવા ને ચાહવા જેવું છે. તેની પળેપળને મધુમય કરવા ને પૂર્ણતાના પરમ પ્રવાસની પગદંડીરૂપ કરી દેવા તૈયાર થવાની જરૂર છે.

જીવનના રૂપમાં ઈશ્વરની એક મોટી થાપણ આપણી પાસે પડેલી છે : અથવા કહો કે ઈશ્વરનો એક અલૌકિક આશીર્વાદ આપણને મળ્યો છે; તેનું બરાબર જતન કરવા ને તેના સ્વરૂપને બને તેટલું સ્વચ્છ, સાત્ત્વિક, સુંદર ને સુધામય કરવા આપણે પ્રયાસ કરવો જોઈએ. રાગદ્વેષ, મદ, લાલસા, સંકુચિતતા ને પૂર્વગ્રહોથી મુક્ત થઈ, પરમાત્માના પ્યારા બની આપણે આ જીવનને અમૃતમય કે પ્રભુમય કરવાના કામમાં લાગી જવું જોઈએ. દરેક માણસ આ રીતે જીવનનું મહત્ત્વ સમજે ને જીવનને મધુમય કરવા મહેનત કરે તો સંસારની સિકલ ફરી જાય. અરે, મોટા ભાગના કે થોડા માણસો પણ તેવા નીકળે તોપણ જગત વધારે મધુમય, શાંતિમય ને જીવવા જેવું થાય, પરંતુ અફસોસની વાત છે કે મોટા ભાગના લોકો હજી જીવનની શક્યતા, મહત્તા ને ગંભીરતા નથી સમજતા ને આંખ મીંચીને જેમતેમ જીવ્યે રાખે છે.

અનીતિ, સ્વાર્થ, દમન, કૂપમંડૂકતા ને શોષણની જે ઝેરી પ્રવૃત્તિ આજે દેખાય છે તે આના પુરાવારૂપ છે. એક બાજુ ભૌતિક પ્રગતિના ક્ષેત્રમાં માણસ આગળ ને આગળ વધતો ને અવનવા, આશ્ચર્યચકિત કરે તેવા ચમત્કાર કરતો જાય છે, તો બીજી બાજુ માનવતા, પરમાત્મા ને આત્મિક શાંતિ, સંયમ ને સાંસારિક શાંતિથી દૂર જતો જાય છે. જીવનને સુખી ને સમૃદ્ધ કરવાના પ્રયાસ તે કરે છે, પરંતુ જીવનમાં જાન લાવવાના,



પ્રાણ પૂરવાના ને પ્રભુમયતાને પ્રકટાવવાના પ્રયાસ તરફ તેનું લક્ષ અત્યંત ઓછું છે. આજના માનવની, માનવસમાજની ને સંસારની એ ત્રુટિ છે. તેને લીધે જ આપણે હજી વર્ગવિગ્રહ, અંદરઅંદરનાં વેરઝેર ને ઘર્ષણ, સત્તા, યશ ને બાહ્ય સુખની રાક્ષસી લાલસા, ધાકધમકી ને શોષણનીતિ તથા શસ્ત્રોની હોડ ને યુદ્ધની ઘેલછામાંથી મુક્ત નથી થયા. છતાં નિરાશ થવાનું કોઈ કારણ નથી. માનવની સુષુપ્ત શક્તિ, શાંતિની ઝંખના ને ઈશ્વરની કૃપામાં આપણને વિશ્વાસ છે. તેથી જ માનવ ને માનવજાતિ અમૃતમય, પ્રેમમય, શાંતિમય ને સેવામય જીવન તરફ કૂચ કરશે ને સંસાર એક દિવસ કુટુંબ જેવો બનશે એવી આપણને શ્રદ્ધા છે. સમજુ માણસે પોતાની શક્ય સાધનસામગ્રી સાથે એવા અમૃતમય કે પ્રભુમય જીવન તરફ જાગ્યા ત્યારથી સવાર માનીને નિત્યનિરંતર ને ઉત્સાહપૂર્વક પ્રગતિ કરવી રહી.

આપણે કરેલી સેવાની સામી વ્યક્તિને વારંવાર યાદ દેવડાવવી એ સેવાનો બદલો લેવા બરાબર છે.

અમુક લોકો પોતાની જીંદગી ઉધાર લેવામાં વિતાવે છે, અને બાકીની અડધી જીંદગી ઉધાર ચુકવવામાં વિતાવે છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૪ જૂન–૨૦૧૨ અંક ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૧૯/૪/૮૨ સોમવાર ચૈત્રવદ દશમ ૨૦૩૮**

સરોડાના સ્વાગતનું સુખદસ્મરણ પૂ.શ્રીએ આજે સવારે પણ કર્યું. પૂ.શ્રીને પોતાને ખૂબ સંતોષ થઇ ગયો. સરોડા પોતાની જન્મભૂમિ, દેશના વિવિધ શહેરોને ગામડામાં પૂ.શ્રીનાં પ્રવચનો થાય ને સન્માન થાય, ફક્ત સરોડામાં જ પૂ.શ્રીનું સન્માન કે જાહેર પ્રવચન આટલાં વરસે પ્રથમવાર થયું. ઘણું મોડું છતાં ઘણું સરસ સ્વાગત પૂ.શ્રીનું થયું. ફક્ત અફસોસ એટલો જ રહ્યો કે પૂ.માતાજી આ પવિત્ર પ્રસંગે સદેહે હાજર નથી.

આજે પૂ.શ્રીએ નિયમિત લેખનકાર્ય કર્યું. ભોજન સાડાઅગિયારે લીધું. દાળ, રોટલી, સક્કરટેટી ભોજનના પદાર્થો હતા. આજે મુલાકાતમાં ઘણાં ભાઇબેનો આવ્યા હતાં. એક બે પ્રશ્નોની ચર્ચા થઇ જેમાં પૂ.શ્રીએ જણાવ્યુંઃ–

રુદ્રી સ્ત્રી ને પુરુષો માટે અલગ અલગ નથી. મૂળગ્રંથો વાંચો. ૐકાર દરેક જપી શકે. શાસ્ત્રોના મંત્રો માનવમાત્ર માટે છે.



વળી એક ભાઇ એકાંતમાં પૂ.શ્રીને મળવા માંગે છે. પૂ.શ્રીએ કહ્યું, આ એકાંત છે. જે હોય તે પૂછો. તે ભાઇ પ્રશ્નોનો કાગળ ધરે છે.

જેમાં પૂ.શ્રી પોતાની આત્મકથામાં પૂર્વજન્મના અનુભવોની જે વાત લખી છે તે અંગે ચર્ચા થાય છે. પૂ.શ્રી પોતાને કેવી રીતે અનુભવો થયા તેની વિગતવાર માહિતી આપે છે. તે ભાઇને ખૂબ સંતોષ થઇ જાય છે.

પૂ.શ્રીએ તે ભાઇ સાથે વાતો કરતાં સહજ રીતે જણાવ્યું કે,

રામકૃષ્ણદેવનો મા રૂપે ભજવાનો જે ભાવ હતો તેમને નાનપણથી જ મળ્યો.

તે મહાપુરુષને પેટની વ્યાધિ હતી. મને પણ એ જ વ્યાધિ છે.

તે મહાપુરુષ કાવ્યલેખન માટે ખૂબ પ્રાર્થના કરતા. આ જન્મે કાવ્યલેખન ૧૪ વરસની વયથી શરૂ થયું છે.

શરીર જુઓ તો બેઠક સમયે જમણો પગ ઉંચો રહે છે, ને આ દાંત એમની જેમ મારો પણ તૂટી ગયો છે. શરીરનાં બાહ્ય ચિહ્નો પણ વારસામાં મળ્યાં એમ મને લાગે.

જીવંત સંતો જેવા કે સ્વામિ કુલાનંદ, ઉડીયાબાબા વિ. સાથેની મુલાકાતની વાત કરી. તે ભાઇ સાથે સૌ વિદાય થયા.

પૂ.શ્રીએ છાશ લીધી. થોડો આરામ કર્યો. લેખનકાર્ય કર્યું. આજે સાંજે સરદાર પટેલ હોલમાં જાહેર સમૂહધ્યાનનો કાર્યક્રમ હોવાથી ૭ વાગ્યે ત્યાં જવાનું બને છે.

સાડા આઠ સુધી ધ્યાનની સમજને ધ્યાનમાં સૌને બેસાડ્યા. હોલ આખોયે ભરાય ગયો હતો.

ઉતારા ઉપર આવી પૂ.શ્રીએ કણકી ને દૂધ લીધું. પછી આરામ.

**ચૈત્રવદ અગિયારશ, ૨૦૩૮, મંગળવાર, ૨૦/૪/૮૨**

નિયમ મુજબ વ્યાયામ બાદ પૂ.શ્રીએ કલમ લીધી. અયોધ્યાકાંડ તુલશીકૃત રામાયણનો અનુવાદ ચાલી રહ્યો છે. રામાયણ ઉપર એક નોંધ પણ તૈયાર થઇ રહી છે. સર્વેશ્વરી પણ પોતાના જપ પૂરા કરી લેખનકાર્ય કરે છે.

આજે અગિયારશ છે. સાબુદાણાની ખીચડી ને શાક વગેરે લીધું. મુલાકાત શરૂ થઇ. આજે પણ ઘણા નવા સાધકો હતા. પ્રશ્નો શરૂ થયા.

પ્રશ્નઃ—વિદેશયાત્રાની ડાયરીમાં પૂછાયેલા પ્રશ્ન આપને ફરી પૂછું છું કે ગાયનું દૂધ પીવામાં હિંસા સમાયેલી છે?

પૂ.શ્રીઃ—ગાયના ચાર આંચળ. એમાં ત્રણ ઉપર જ માનવનો અધિકાર છે. એક આંચળનું દૂધ વાછરડા માટે જ રહેવા દેવું. જીવનના નિભાવ માટે અમુક વસ્તુ બીજા પાસે લેવી પડે છે. જમીન પાસેથી અનાજ. વૃક્ષ પાસેથી ફળ. આવશ્યકતાની પૂર્તિ માટે—ગાય પાસેથી દૂધ લઇએ છીએ. વાછરડા માટે પૂરતું રાખીને લઇએ તો તે હિંસા નથી.

આજે બે બેનો ને છ ભાઇઓએ પોતાના મંત્રો વિશેની મુંઝવણ રજુ કરી. પૂ.શ્રીએ તેમને યોગ્ય મંત્ર પ્રદાન કર્યો.

એ અંગે વાતચીતમાં પૂ.શ્રીએ કહ્યુંઃ—

તમે જેમની પાસે મંત્ર લીધો તે તો મહાશક્તિશાળી અવતારી સંત હતા. ઘરમાં પાણીનો નળ છે. પછી બીજે નળેથી શા માટે પાણી ભરવું છે?



સગુણ કે નિર્ગુણ ઉપાસના કરવી તે તો તમારે નક્કી કરવાનું છે. અમારા ભોજનાલયમાં તો બધા જ પદાર્થો મળે છે. સગુણ નિર્ગુણ જે જોઇએ તે.

એક વૃદ્ધ પુરુષે થોડા પ્રશ્નો પૂછ્યા. તે ભાઇએ પૂ.શ્રીના જવાબ લખી લીધા. એકભાઇએ ૨૦ વરસથી જુદી જુદી ઉપાસના કરી પણ મન સ્થિર નથી થતું. એવી ફરિયાદમાં પૂ.શ્રીએ એક મંત્ર આપ્યો. પૂ.શ્રીએ અહીં જ બેસીને જપ કરવાનું કહ્યું. ને તે ભાઇ બેઠા. ખૂબ શાંતિ લાગી, તે ભાઇને ખૂબ આનંદ થઇ ગયો.

પાલનપુરથી શ્રી વિજયભાઇ પણ અહીં ત્રણેક પ્રશ્નો પૂછે છે. પૂ.શ્રી તેના ઉત્તરમાં કહે છે.

મનની સર્વોત્તમ અવસ્થા એ કે બૂરા વિચારો પ્રગટે જ નહીં. પ્રસન્નતા જ રહે. શોક, મોહ, ભય ના રહે. વરેઝેર નહીં, શાંતિ જ રહે.

સમય થતાં સૌ વિદાય થયા. આજે વડોદરાથી શ્રી રાજુભાઇ પુરોહિત પણ આવ્યા છે. પૂ.શ્રી તેમની સાથે થોડી વાતો કરે છે.

સર્વેશ્વરી આજે અગિયારશ હોવાથી મૌન રાખે છે. જેથી કોઇ સાથે વાતો કરતાં નથી. સૌ વિદાય થાય છે.

પૂ.શ્રી થોડો આરામ કરી લેખનકાર્ય કરે છે. આજે પણ સરદાર પટેલ હોલમાં જાહેર સમૂહધ્યાનનો કાર્યક્રમ હતો, જેથી ત્યાં જવાનું બને છે. સારી સંખ્યામાં ભાઇબેનોએ ભાગ લીધો. ધ્યાનના કાર્યક્રમ બાદ ઉતારા ઉપર આવી જવાનું બને છે.

આજે બપોરે પૂ.શ્રીએ પૂ.માતાજીનું સ્મરણ કર્યું. પૂ.માતાજીની માંદગીની વાતો થઇ.

**તા.૨૧/૪/૮૨ ચૈત્રવદ બારસ ૨૦૩૮**

આજે સવારે પૂ.શ્રી વ્યાયામ બાદ લેખન માટે બેઠા. અગિયાર સુધી ત્રણ દોહાનું લેખનકાર્ય ચાલ્યું. ભોજન સમયસર લીધું. મગની દાળ ને રોટલી. એકાદ કેરી લીધી.

મુલાકાતમાં આજે પણ ઘણાં નવાં હતાં. સૌ પોતપોતાના પ્રશ્નો લઈને આવતાં હતાં. થોડી સામાન્ય વાતો બાદ એક ભાઈ પોતાના પ્રશ્નો લઈ આગળ આવીને બેઠા.

પૂ.શ્રી એ તેમના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું:—

શ્રદ્ધાભક્તિ વધે તે માટે પ્રભુને જ પ્રાર્થના કરો. નાની નાની બાબતમાં પણ પ્રભુની કૃપાનું દર્શન કરતાં શીખો. એની શક્તિ જ આપણી રક્ષા કરે છે. ભોજન લેવા બેસો ત્યારે પણ પ્રભુને યાદ કરો. ''પ્રભુ, ઘણાંને તો અનાજ પણ મળતું નથી. મને તું આટલું ભરપેટ ભોજન આપે છે. તારી કૃપા માટે આભાર.''

દરેક વસ્તુ, દરેક ઘટનામાં મંગલમયતા જ જુઓ. બુરા વિચારો આવે તો તેનો અમલ થોડો કરો. બે કલાક પછી ચાર કલાક પછી કેટલાક વિચારોનો અમલ ૨૪ કલાક પછી કરો, તો પછી તે જ વિચારોને નવેસરથી વિચારો તો તટસ્થતાથી પણ જોઈ શકાશે.

પ્રભુ મંગલમય છે તે મંગલતા તરફ જ પ્રેરે છે. જે કાંઈ અમંગલ કરવા પ્રેરાઈએ છીએ તે આપણો દોષ છે.

શરીરમાં દેવ ને દાનવ બંને છે. કયા માર્ગે પગલાં ભરીએ તે ઉપરથી આપણને ખ્યાલ આવે કે આપણે દેવની પ્રેરણા પ્રમાણે કરીએ છીએ કે દાનવની.

બીજી થોડી ચર્ચા આત્મસાક્ષાત્કારની, મનની થઈ જે નોંધને યોગ્ય ન હતી.



આજે મુલાકાતબાદ શ્રી રાજુભાઈ પુરોહિત સાથે પૂ.શ્રીએ થોડીવાર વાતો કરી. એ ભાઈને એક સુપ્રસિદ્ધ આશ્રમમાં જોડાઈને નોકરી ને સાધના કરવા જવાનો વિચાર છે. પૂ.શ્રીએ તેને વિસ્તૃત રીતે તટસ્થ સમજ આપતાં કહ્યું.

આપણે કોઈપણ આશ્રમ કે મઠમાં શા માટે બંધનમાં પડવું છે? સ્વતંત્ર રીતે સૌને આદર આપો. સૌમાંથી પ્રેરણા લો ને સ્વતંત્ર સાધના કરો. વેકેશનમાં જ્યાં જવું હોય ત્યાં એક—બે માસ જાઓ. સાધના કરો.

શ્રી રાજુભાઈ એક યુવાન પ્રોફેસર છે. તેમને પૂ.શ્રીની વાત સમજાય છે. તેમને પૂ.શ્રી પ્રસાદ આપે છે. પૂ.શ્રી છાશ પીધા બાદ આરામ કરી થોડું લેખનકાર્ય કરી લે છે.

આજે પ્રભુદાસ ઠક્કર કોલેજમાં ધ્યાનકેન્દ્રનું ઉદ્‌ઘાટન રાખ્યું છે. શ્રી બાબુભાઈ એનું સંચાલન કરશે. ત્યાં ૭ થી ૮ કાર્યક્રમ છે. અહીંથી તે સ્થળ દૂર હોવાથી ૬.૩૦ મિનિટે નીકળવાનું રહેશે. ૭ થી ૮ કાર્યક્રમ હતો, પણ નવ વાગી ગયા. કાર્યક્રમ સારો રહ્યો.

ત્યાંથી ઉતારા ઉપર આવી હળવો નાસ્તો લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

પરમાત્માને જે કોઈ ''દિલ'' આપે છે તેને પરમાત્મા દિલથી આપે છે.

# શ્રી શાંતિભાઈ કનેરિયાનું સન્માન

**–જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

શ્રી શાંતિભાઇ કનેરિયા પ.પૂ.ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના અનન્ય ભક્ત. કેટલાક લોકોના જીવનમાં આપણે જોઇએ છીએ કે પહેલી નજરે જ પ્રેમ થઇ જાય. Love at first sight. શ્રી શાંતિભાઇના જીવનમાં પણ આવું જ કંઇ થયું. પૂ.શ્રી યોગેશ્વરજીને પહેલીવાર સાંભળતાં જ તેમને ભારે આકર્ષણ થયું. જે ઉત્તરોત્તર વધતું જ ગયું. માનવું પડે કે પૂર્વજન્મના કોઇ પાકા ઋણાનુબંધ વગર આવું ના થાય.

એટલે જ શ્રી શાંતિભાઇએ પોતાની મોટરગાડીમાં પૂ.શ્રીને ભારતભરનાં લગભગ બધાં જ તીર્થોની યાત્રા કરાવી, એટલું જ નહીં પણ જે ગાડીમાં એ યાત્રા કરી, તે પૂ.શ્રીની વિદાય પછી પૂ.માને સમર્પિત કરી દીધી. કેવી ભક્તિ ને કેવો ભાવ! આ ગાડી આજે પણ સ્વર્ગારોહણ અંબાજીમાં પ્રદર્શિત છે.

પૂ.ગુરુદેવની જેમજ તેઓની ભક્તિ પૂ.મામાં પણ એવી જ અનન્ય રહી છે. એટલે પૂ.માના કોઇપણ સંકલ્પને પૂરો કરવા તે સદા તત્પર રહે છે.

શ્રી શાંતિભાઇ એક પુરુષાર્થી ઉદ્યોગપતિ તરીકે ઉભરી આવ્યા તેમાં તેમની ધંધાર્થી કુનેહ તો ખરી જ, પરંતુ તેથી વિશેષ એક સજ્જન વેપારી. એક સાચા ને સારા માનવ.

તેમની વિશેષતા ધંધામાંથી નિવૃત્તિ લીધા પછી એક સરસ સાધક કરતાં વિશેષ અતિ નમ્ર આત્મશ્રેયાર્થી વ્યક્તિ તરીકેની જોઇ શકાય છે. તેઓ અતિશ્રીમંત હોવા છતાં તદ્દન આત્મનિર્ભર છે. પોતાના કોઇ પણ કામ માટે તેઓને



કોઇબીજાની સહાયની જરૂર પડતી જ નથી. કેવું સ્વાલંબી જીવન? સમાજમાં કદાપિ ના જોવા મળે તેવા એક અતિનમ્ર સદાય સાધનાપરાયણ સાધક એટલે શ્રી શાંતિભાઇ. તેઓ આ પારાયણ નિમિત્તે પૂ.માનું સાન્નિધ્ય પામવા હરિદ્વાર આવેલા. સદ્‌ભાગ્યે તે દિવસોમાં જ તેમનો જન્મદિન આવતો હોઇ જે ભવ્ય પ્રેમ પુષ્પોથી પૂ.માએ સન્માન્યા છે, તે સાચે જ યથાર્થ છે. સમગ્ર યોગેશ્વર પરિવાર શ્રી શાંતિભાઇનો ઋણી છે. તેમના પરિવારના સભ્યો પણ એટલા જ એમને સાથ સહકાર ધરવા માટે અભિનંદનના અધિકારી છે.

પૂ.શ્રીમા–પ્રભુ શ્રી શાંતિભાઇને લાંબુ સ્વસ્થ ને આરોગ્યપ્રદ જીવન આપે એ જ પ્રાર્થના.

**તંત્રી અને**
**યોગેશ્વર પરિવાર**

## શ્રી શાંતિભાઈને જન્મદિને પ્રેમ પુષ્પોની સૌગાત

આજે ૧૭–૦૨–૨૦૧૨ શ્રી શાંતિભાઇને ૭૫ વર્ષ પૂર્ણ થયાં. તો તેમના જન્મદિને પ્રાર્થના કરીએ. ધન્ય જીવન પરોપકાર માટે ખર્ચાયું. આપણે સહુ જાણીએ છીએ કે શાંતિભાઇ સર્વમંગલ ટ્રસ્ટના આધાર સ્થંભ છે. તો સ્વર્ગારોહણના પાયાના પત્થર છે. યોગતીર્થને આ ભક્ત પુરુષે પોતાના ખભા પર ઊચક્યું છે. સતત પ્રેરણા આપતા આ ભક્ત પુરુષનું સન્માન કરવું એ આપણી પવિત્ર ફરજ છે. આપણે સહુ તેમના જીવનમાંથી સાદાઇ અને ઉદારતાનો પાઠ શીખીએ. કરોડોનું દાન કરે છે છતાં કોથળા પર સૂઇ શકે છે. જાતે જ વસ્ત્રો ધોઇને સાદાઇના પાઠ શીખવે છે. આપણે તો ૧૦૧નું કવર પ્રભુને મૂકીએ તો ત્રણ બાજુએ નામ લખીએ, જ્યારે આ

ભક્ત–પુરુષે ક્યાંય કવર પર નામ ના લખ્યું. અમે ‘સત્યપથ’માં હતાં. પૂ.શ્રીની વિદાયને એક બે વર્ષ વીત્યાં. શ્રી શાંતિભાઈનો ઓઈલ એન્જીન (Oil Engine)નો ધંધો. એક વાર ઉ.પ્ર.થી ઉઘરાણી કરીને સીધા ‘સત્યપથ’ આવી પૈસાની ભરેલી બેગ લાવીને પૂ.શ્રીને ધરી. “લો પ્રભુ, આ તમારા છે!” ભગવાનને પાર્ટનર બનાવે તે જ પુરુષ આ સામે બેઠા છે. એમના જીવનમાં જે વિશેષતા છે તે ઉઘાડી આંખે તમને દેખાય છે. સ્વર્ગારોહણમાં રૂમ ના મળે તો લોબીમાં પણ સૂઈ જવામાં પણ નાનમ નથી. ભોજન જે હોય તે બધાંની સાથે જ જમી લે.

પાણી ના મળે તો પણ કદી ફરિયાદ નથી. આપણી વચ્ચે પ્રભુએ એક આદર્શ ભક્ત પુરુષ, સેવકભક્ત કેવા હોય તે બતાવવા પૃથ્વી પર ઉતાર્યા છે. સ્વર્ગારોહણમાં હુકમ કરીને બીજું રંધાવીને જમે ને સહુને વઢે! એવા કોઈ પ્રસંગ શાંતિભાઈના જીવનમાં ન મળે. કરોડપતિ છતાં કોઈને વઢતા જોયા નથી. નથી કોઈ ઉપર રાજ ચલાવ્યું કે મને પૂછીને જ કામ કરો! એવો આગ્રહ પણ ન રાખે, કેટલી હદ સુધી નમ્રતા! સેવકના બધા જ ગુણો–લક્ષણો એમનામાં ઉઘાડી આંખે જોઈ લો, શીખી લો. નમ્રતા કેવી હોય! સેવા કેવી હોય! ઉદારતા કેવી હોય! વૈરાગ્ય વૃત્તિ કેવી હોય! સાદાઈ કેવી હોય! એવા આ વિશેષ પુરુષે પોતાના ૭૫ વર્ષોમાં કેટલાય કડવા–મીઠા અનુભવ જોયા છે. છતાં થાક્યા વિના, હાર્યા વિના ઉપર ને ઉપર વિકાસ કરતા હોય છે. પરિશ્રમ જાણે એમનો ખાસ મિત્ર. ઝાડૂ કાઢવામાં કે કોઈનો થેલો ઉપાડવામાં પણ શરમ નથી નડતી. આપણે તો સ્વર્ગારોહણના શેઠ હોઈએ તે રીતે સેવકોને, મહરાજને કેવા કેવા હેરાન કરીએ છીએ. સેવાનો મદ એ બધું



કરાવે છે. સેવાથી આવતું અભિમાન આપણને ઉધ્ધત બનાવે છે. આ બધા જ નબળા પાસા શાંતિભાઈમાં જોવા ના મળે. એમની નમ્રતા–નમસ્કાર–ઉદારતા–એમની સમજણ દાન કરવાની ગુપ્ત રીત, આ બધું જ શીખવા જેવું છે. ૭૫ વર્ષના આ ભક્ત પુરુષમાં રામકૃષ્ણદેવનો પ્રેમ–શ્રદ્ધાભક્તિ તેમના વિશાળ સાહિત્યના અનેક પ્રસંગો મોઢે છે. જ્યારે પણ મળો ઉંઘમાંથી ઉઠાડીને પૂછો, તો ઠાકુરનાં અસંખ્ય પ્રસંગો કહી શકે! તેમના બંગલાનું નામ પણ ‘યોગેશ્વર’ રાખ્યું છે. એ જ પહેલા ભક્ત પુરુષ જેમણે યોગેશ્વર નામ બંગલાનું રાખ્યું! દક્ષિણભારતની યાત્રા પછી પૂ.શ્રીને પ્રણામ કરીને કહે “આ ગાડી પ્રભુ તમને અર્પણ કરું છું. પૂ.શ્રી કહે અમારે એવી ગાડીની જરૂર નથી. જ્યારે જરૂર પડે ત્યારે એ ગાડી આપણી જ છે ને! કેટલી ઉદારતા! માટે જ આપણે એમને વધાવવાના છે. સ્નેહલભાઈ આજે એમનું પૂજન કરાવશે. રક્ષમામ્‌ની શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવે છે. તેમના દીર્ઘ આયુષ્ય માટે શાસ્ત્રમાં એક પૂજન છે. તે પૂજન સ્નેહલ મહારાજ કરાવશે.”

**માર્કંડેય પૂજનઃ**–માર્કંડ નામના ઋષિને જન્મતાની સાથે શિવભક્તિમાં લગાડી દીધા. ભક્તિમાં ૮ વર્ષ પુરા થયાં. આયુષ્યનો છેલ્લો દિવસ હતો. યમદૂત લેવા આવ્યા. માર્કંડેય શિવલિંગને ભેટી પડ્યા. શંકર ભગવાન પ્રગટ થયા. દૂતોને કહ્યું કે આ જીવાત્માનું ૧૦૦ વર્ષ–૧૦૦૦ વર્ષ એક કલ્પ સુધી આયુષ્યનું વરદાન આપ્યું છે. ચિરંજીવી છે. તેથી કુળદેવતા–કૂળવધૂ વગેરેનું પૂજન કરવામાં આવે આયુષ્ય દીર્ઘ થાય છે.

શાંતિભાઈ પોતાની વાત કરતાં જણાવે છે. ૧૯૭૧ની

સાલમાં અમારા બનેવી લંડનથી આવ્યા. શ્રી રામકૃષ્ણ આશ્રમમાં જવું છે ખૂબ ગમ્યું. પ્રભુને પ્રાર્થના કરી કે તમે મને બાંધતા નહીં. કીર્તિમાં સંપતિમાં નહીં. એવા મહાપુરુષ મારા જીવનમાં મોકલો કે જેથી હું અધ્યાત્મ ક્ષેત્રે પ્રગતિ કરી શકું, ધંધામાં કોઇ ભાગીદાર હતા નહીં. પછી રામકૃષ્ણ દેવને પ્રાર્થના કરી કે તમે જ ભાગીદાર. તમારું જે થાય તે તમારું લઇ લેશો. સંકલ્પ માત્રથી જ પ્રાર્થના કરી. પ્રભુએ બધું જ સ્વીકાર્યું. ૧૯૭૭ની શિબિરમાં પણ એવી પ્રાર્થના કરી માને કહ્યું મને બળ આપજો. મગધની યાત્રાનો પ્રસંગ કહે છે. ખૂબ ઠંડી હતી 'મા' સાથે યાત્રા કરી ભૂખ પણ હતી. માએ બધું પાર પાડ્યું.

પૂ.શ્રી મા લખે છે એટલે જ તમે જીવતી જાગતી પાઠશાળા છો. આરોગ્ય ૧૦૦ વર્ષનું. સારા માણસોની ખૂબ જરૂર છે. તમે અમારા સૌના માટે પણ જીવજો. ખૂબ સરસ. નિર્દોષ બાળક જેવું મન! શાંતિભાઇમાં બધું જ અદ્‌ભુત! કોઇ સામાન્ય માનવમાં આટલા બધા સદ્‌ગુણોનો સરવાળો એક સાથે જોવા ના મળે! શાંતિભાઇમાં સર્વ સદ્‌ગુણોનો સરવાળો છે એટલે જ આપણે ૭૫ વર્ષ ઉજવવાં પડે. પૂજન કરાવીને આરોગ્ય અને આયુષ્ય માંગીએ. એમણે જે કાંઇ કર્યું છે તે સૂર્ય જેવું છે. આપણે તો એમને શું આપી શકીએ! સૂર્યની સામે કોડિયા જેવો પ્રકાશ. પણ આપણે આપણી રીતે પૂજન કરાવીશું તે ભોજન કરાવશે. ૭૫ વર્ષ ઉજવવાનું કામ કાર્ય આ રીતે કરીશું.

> હસવું, હસાવવું અને હસી કાઢવું એ સુખી જીવનનો કીમીયો છે.



# યોગી બ્રહ્મની મુલાકાત(૩)

(ગતાંકથી ચાલુ) **અનુ.યોગેશ્વરજી –પોલ બ્રન્ટન**

અંધારુ થવા આવ્યું એટલે બ્રહ્મના આગમનની હું આતુરતાપૂર્વક રાહ જોવા માંડ્યો. મારા મનમાં ભાતભાતના પ્રશ્નો ઘોળાવા લાગ્યા. એમની ટૂંકી આત્મકથા મને ભારે રહસ્યમય લાગેલી અને એમના વિચિત્ર વ્યવહારે મને નવાઇ પમાડેલી.

નોકરે એમના આવવાની ખબર આપી એટલે એમના સ્વાગતમાં ઓસરીમાંથી થોડાં પગથિયાં ઊતરી, બે હાથ જોડીને હું સામે ગયો.

બ્રહ્મ મારી સાથે મોટા ઓરડામાં આવી પહોંચ્યા અને જમીન પર વિના વિલંબે પલાંઠી વાળીને બેસી ગયા.

'તમે આ ઊંચી બેઠક પર ના બેસો?' મેં એમને દુભાષિયા દ્વારા પ્રશ્ન કર્યો : 'એ સરસ ગાદીવાળી તથા અત્યંત આરામદાયક છે.' પરંતુ એમને તો સખત જમીન વધારે પસંદ પડી. હિંદુસ્તાનના ઘરોની જમીનો લાકડાંથી નહીં પરંતુ લાદીમાંથી જડેલી હોય છે.

એમની મુલાકાત બદલ મારી કૃતજ્ઞતા પ્રકટ કરીને એમની આગળ મેં ભોજન મૂક્યું, એને એમણે શાંતિથી આરોગવા માંડ્યું.

ભોજનવિધિ પૂરો થયા પછી મને લાગ્યું કે મારે વિશે અથવા તો એમના જીવનમાં થયેલા મારા આકસ્મિક પ્રવેશ વિશે એમને કાંઇક કહી બતાવું તો સારું, એટલા માટે મને

ભારતમાં લઈ આવનારાં પરિબળોનો મેં એમને ટૂંકમાં ખ્યાલ આપ્યો. એને અંતે અત્યાર સુધી એકલતાના કિલ્લામાં છુપાઈ રહેલા બ્રહ્મે એમાંથી બહાર આવીને મારા ખભા પર મૈત્રીભાવે હાથ મૂક્યો ને કહ્યું : 'પશ્ચિમમાં તમારા જેવા મનુષ્યો વસે છે એ જાણીને આનંદ થાય છે. તમારી યાત્રા નકામી નથી ગઈ, કારણ કે તમને ઘણુંઘણું જાણવાનું મળશે. જે દિવસે પ્રારબ્ધે આપણને એક જ જગ્યાએ ભેગા કરી દીધા એ દિવસ મારે માટે સાચોસાચ સુખનો દિવસ છે. તમારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછો. મારી પ્રતિજ્ઞાની મર્યાદામાં રહીને તેના જવાબ હું જરૂર આપીશ.'

મને થયું કે મારું ભાગ્ય ખરેખર છે તો સારું. મેં એમની યોગપદ્ધતિ, એના ઈતિહાસ અને ધ્યેય વિશે માહિતી માગી.

'મેં જેનો અભ્યાસ કર્યો છે તે શરીરસંયમની સાધના કેટલી બધી જૂની છે તે કોણ કહી શકે? અમારા ગુપ્ત શાસ્ત્રગ્રંથો પરથી જાણી શકાય છે કે ભગવાન શંકરે ઘેરંડ મુનિને એનો ઉપદેશ આપેલ. ઘેરંડ મુનિ પાસેથી એનો ઉપદેશ માર્તંડેય મુનિએ ગ્રહણ કર્યો. માર્તંડેય મુનિએ સાધના બીજાને શીખવી અને એ પ્રમાણે હજારો વરસથી એનો પ્રવાહ ચાલ્યા કરે છે તે તો કોણ જાણે, પરંતુ એટલું તો સાચું કે પ્રાચીનકાળની યોગવિદ્યામાં એ સૌથી છેલ્લી છે. એ દિવસોમાં પણ માનવનું એવું અધઃપતન થયું હતું કે શરીર દ્વારા મોક્ષ મેળવવાનો માર્ગ દેવોએ એની આગળ ખુલ્લો કર્યો. શરીરજયના એ યોગનું જ્ઞાન એના પર કાબૂ કરી ચૂકેલા સિદ્ધો સિવાય બીજાને બહુ જ ઓછું હોય છે. સામાન્ય લોકો તો એ પ્રાચીન વિદ્યા વિશે ખોટા ખ્યાલો ધરાવતા હોય છે. એવા સિદ્ધ યોગી પુરુષોનું દર્શન અત્યંત દુર્લભ થઈ ગયું હોવાથી લોકસમૂહના કોઈ પણ જાતના વિરોધ વગર, અમારી



યોગપદ્ધતિને નામે કેટલીય મૂર્ખતાપૂર્વકની વિકૃત પ્રક્રિયાઓનો પ્રચાર થઈ રહ્યો છે.'

'બનારસ જશો તો જોશો કે એક માણસ તીક્ષ્ણ ધારવાળા ખીલાવાળી પથારી પર દિવસભર બેસે છે અને રાતભર સૂઈ રહે છે. બીજે ઠેકાણે એક એવા માણસનું દર્શન થશે જેણે એક હાથ અધ્ધર રાખ્યો છે. એ હાથ તદ્દન કૃશ તથા નકામો બની ગયો છે અને એના નખ પણ કેટલાય ઈંચ લાંબા થયા છે. તમને કહેવામાં આવશે કે એ બધા અમારી યોગપદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે. પણ ખરેખર એવું નથી સમજવાનું. એવા લોકો યોગના નામને કલંકિત કરે છે. લોકોને ચકિત કરવા માટે મૂર્ખાઈભરી પદ્ધતિઓનો આધાર લઈને કષ્ટ આપવું એ અમારું ધ્યેય નથી સમજવાનું. પોતાને પીડા પહોંચાડનાર એ તપસ્વીઓ કેવળ અજ્ઞાની લોકો છે. કોઈ ચિત્ર કે ગપ્પીદાસ દ્વારા કેટલીક માહિતી મેળવીને શરીર સાથે તેઓ તેના બળજબરીપૂર્વકના પ્રયોગો કરે છે. અમારા આદર્શોનું જ્ઞાન ન હોવાથી, એ ક્રિયાપ્રક્રિયાઓને વિકૃત રૂપ આપીને તે લાંબા સમય સુધી કૃત્રિમ રીતે ચાલુ રાખે છે. તોપણ સામાન્ય સમાજ એવા દાંભિક સાધુઓને માન આપે છે અને વધારામાં અન્ન, વસ્ત્ર તથા પૈસા પણ પૂરાં પાડે છે.'

'પરંતુ એમને જ દોષ દેવો શું બરાબર છે? સાચા યોગીઓ જો દુર્લભ હોય અને એ પણ પોતાની સાધનાને ગુપ્ત રાખતા હોય તો ગેરસમજૂતી થવાનો સંભવ રહે જ.' મેં વિરોધી સૂર કાઢ્યો.

બ્રહ્મે મસ્તક હલાવ્યું. એમના મુખ પર ઉપેક્ષાભાવ ફરી વળ્યો.

'લોકોને બતાવવા માટે રાજા પોતાનાં રત્નોને જાહેરમાર્ગ પર મૂકી રાખે છે?' એમણે પ્રશ્ન કર્યો : 'ના, એ એમને પોતાના રાજમહેલની અંદરના ભાગમાં પોતાની તિજોરીમાં છુપાવી રાખે છે. અમારી યોગવિદ્યાનું જ્ઞાન માનવના મહામૂલ્યવાન ભંડાર જેવું છે. એનું ભરબજારમાં એ સૌને માટે પ્રદર્શન કર્યા કરે? એ ભંડારને મેળવવાની ઇચ્છા હોય તે તેને માટે ભલે શોધ કરે. એ જ એક માર્ગ છે અને સાચો માર્ગ છે. અમારાં શાસ્ત્રો અવારનવાર ગુપ્તતાની આજ્ઞા કરે છે અને અમારા આચાર્યો પણ ઓછામાં ઓછાં થોડાંક વરસો પોતાને વફાદાર રહ્યા હોય એવા, પરીક્ષામાં પાર ઊતરેલા શિષ્યોને જ અગત્યનું શિક્ષણ પૂરું પાડે છે. અમારો યોગ બધા યોગોમાં ઘણો ગૂઢ છે. એકલા શિષ્ય માટે જ નહીં, પરંતુ બીજાને માટે પણ તે ભારે જોખમોથી ભરેલો છે. હવે તમે વિચારી જુઓ કે એના પ્રાથમિક સિદ્ધાંતો સિવાયના બીજા સિદ્ધાંતોની માહિતી, અને તે પણ પૂરેપૂરા વિવેક વગર હું તમને આપી શકું?'

'બરાબર.'

'પરંતુ અમારા યોગની એક બાજુ વિશે હું તમારી સાથે વધારે છૂટથી વાત કરી શકું. એ બાજુ ઇચ્છા શક્તિને વધારનારી તથા શરૂઆતના સાધકોના શરીરને સુધારવાની છે. તે વગર યોગની કઠિન ક્રિયાઓ સાધવાની યોગ્યતા ન મેળવી શકાય.'

'પશ્ચિમના લોકોને એમાં રસ પડશે.'

'અમારી પાસે એવી વીસેક જેટલી શારીરિક ક્રિયાઓ છે, જેમની મદદથી જુદાંજુદાં અંગોપાંગ મજબૂત બને છે તથા કેટલાક રોગો દૂર થાય છે અથવા અટકી જાય છે. કેટલાંક તો એવાં આસનો છે કે જે કેટલાંક ખાસ શક્તિકેન્દ્રો પર દબાણ લાવે છે. એ શક્તિકેન્દ્રો બદલામાં બરાબર કામ ન કરતા ચોક્કસ અવયવોને અસર પહોંચાડે છે અને એમને ઠીક કરે છે.'



'તમે દવાનો ઉપયોગ કરો છો ખરા?'

'જરૂર પડે તો, વધતા ચંદ્રપ્રકાશમાં ચૂંટેલી કેટલીક ઔષધિઓનો ઉપયોગ કરું છું. સ્વાસ્થ્યલાભની શરૂઆતનું કામ સિદ્ધ કરવા માટેની ચાર ક્રિયાઓનું જ્ઞાન અમે ધરાવીએ છીએ. પહેલાં તો આરામની કળા જાણી લઈએ છીએ, જેથી જ્ઞાનતંતુઓને આરામ મળે. એને માટે પણ મદદરૂપ એવી ચાર પ્રક્રિયાઓ છે. પછી અમે શરીરને સ્વાભાવિક રીતે લંબાવનારાં તંદુરસ્ત પ્રાણીઓની નકલ કરીને શરીરના વિસ્તારની ક્રિયા શીખીએ છીએ. એ પછી તમને વિચિત્ર લાગે તેવી પરંતુ પોતાની અસર ઉપજાવવામાં ઉત્તમ એવી જુદીજુદી પદ્ધતિઓથી શરીર સંપૂર્ણપણે સાફ કરીએ છીએ અને છેલ્લે પ્રાણાયામની મદદથી પ્રાણ પર કાબૂ કરવાની કોશિશ કરીએ છીએ.'

મેં થોડીક પ્રક્રિયાઓનો પ્રયોગ કરી બતાવવાની માગણી કરી. 'હવે હું તમને જે પ્રયોગો કરી બતાવું છું તેમાં કાંઈ છૂપું રાખવા જેવું નથી.' બ્રહ્મે સ્મિત કરતાં કહ્યું : 'આપણે સૌથી પહેલાં આરામની કળાથી આરંભ કરીએ. એ બાબતમાં આપણે બિલાડી પાસેથી થોડુંક શીખી શકીએ છીએ. અમારા ગુરુ શિષ્યોની વચમાં બિલાડી મૂકીને એ આરામ કરે છે ત્યારે કેવી છટાદાર દેખાય છે તેનું નિરીક્ષણ કરવાની સૂચના આપે છે. ભરબપોરમાં તાપમાં એ ઊંઘી જાય ત્યારે એને ધ્યાનપૂર્વક જોવાનું કહે છે. ઉંદરના દરની નજીક નીચી નમે છે ત્યારે એનું અવલોકન કરવાની આજ્ઞા આપે છે. પોતાના શિષ્યોને સમજાવે

છે કે બિલાડી સાચા આરામનો આદર્શ દાખલો પૂરો પાડે છે અને પોતાની સમસ્ત શક્તિને કેવી રીતે ભેગી કરવી તેમ જ સંઘરી રાખવી તે પણ સમજે છે. તમે માનો છો કે તમે આરામ કરવાની કળામાં કુશળ છો; પરંતુ તમારી માન્યતા નિરાધાર છે. થોડોક વખત તમે ખુરશીમાં બેસો છો, પછી આમતેમ ફર્યા કરો છો, પછી વળી બેચેની અનુભવો છો અને છેવટે પગ લાંબા કરીને સૂઇ જાઓ છો. ખુરશી પરથી ઊભા થતા નથી અને ઉપરથી જોતાં આરામ કરતા દેખાઓ છો તોપણ તમારા મગજમાં વિચારોની હારમાળા ચાલતી હોય છે. એને શું આરામ કહેવાય? એ શું એક રીતે જોતાં વધારે ચપળ બનવાનો રસ્તો નથી લાગતો?'

'એ દૃષ્ટિકોણ તો મારા ખ્યાલમાં જ નથી આવ્યો.' મેં કહ્યું.

'પશુઓ કેવી રીતે આરામ કરવો તે જાણે છે, પરંતુ બહુ ઓછા માણસો એ જ્ઞાન ધરાવતા હોય છે. એનું કારણ એ છે કે પશુઓ કુદરતી પ્રેરણા અથવા કુદરતના આદેશ પ્રમાણે ચાલે છે, ત્યારે માણસો એમના વિચારોથી દોરવાય છે અને મોટે ભાગે પોતાના મગજ પર પૂરો કાબૂ નથી ધરાવતા, તેથી એને લીધે એમના જ્ઞાનતંતુઓ અને શરીર પર અસર થાય છે. એમને સાચો આરામ ભાગ્યે જ મળે છે.'

'તો પછી શું કરવું જોઇએ?'

'સૌથી પહેલાં તો તમારે બેસવાની પૂર્વીય પદ્ધતિ શીખી લેવી જોઇએ. તમારા ઉત્તરીય દેશોમાં ઠંડા ઓરડાઓમાં ખુરશીઓનો ઉપયોગ કરો તે ભલે, પરંતુ યોગસાધના માટે તૈયાર કરનારી ક્રિયાઓ કરતી વખતે તેમના વગર ચલાવી લેતાં શીખવું જોઇએ. અમારી બેસવાની પદ્ધતિ ખરેખર અત્યંત આરામદાયક



છે. કામ કર્યા પછી કે ચાલ્યા પછી આખા શરીરને એ શાંતિ આપે છે. એ પદ્ધતિ શીખવાનો સહેલામાં સહેલો રસ્તો તમારા ખંડની દીવાલ પાસે નાનો કામળો કે શેતરંજી મૂકવાનો છે. એ પછી એના પર બનતા આરામપૂર્વક બેસો અને જરૂર પડે તો દીવાલનો ટેકો લો. શેતરંજીને ખંડની વચ્ચે પાથરીને ટેકો લેવા આગળ કોચ કે ખુરશી પણ રાખી શકો. એ પછી પગને ઘૂંટણ તરફથી અંદર વાળીને પલાઠી વાળો. એમ કરવામાં માંસપેશીઓ કડક ન કરો અને કોઇ પણ પ્રકારનો પરિશ્રમ ન પહોંચે તેનું પણ ધ્યાન રાખો. એટલે પહેલી ક્રિયા તો એ પ્રમાણે બેસીને થોડોક શ્વાસ લેવા સિવાય તમારા શરીરને તદ્દન શાંત કરી દેવાની છે. એ રીતે બેઠા કરવાનો સંકલ્પ કરવો જોઇએ. તમારા મનને કોઇ ચિત્ર કે ફૂલ જેવા સુંદર પદાર્થ પર કેન્દ્રિત કરો.'

મારી આરામખુરશી પરથી ઊઠીને બ્રહ્મે વર્ણવ્યા મુજબના આસનનો આધાર લઇને હું તેમની સામે બેઠો. જૂના જમાનામાં દરજી પગ પર પગ મૂકીને કામ કરવા બેસતા એવું જ એ આસન હતું.

'હા, તમે તે સહેલાઇથી કરી શકો છો.' બ્રહ્મે કહેવા માંડ્યું : 'પરંતુ બીજા અંગ્રેજો ટેવાયેલા ન હોય, એટલે આવું આસન સહેલાઇથી ન કરી શકે. તમારી એક ત્રુટિ પ્રત્યે ધ્યાન દોરું : તમારી પીઠને વળેલી નહીં પણ સીધી રાખો. હવે તમને બીજી ક્રિયા બતાવું.'

બ્રહ્મે પોતાના પગ એવી રીતે વાળેલા રાખીને ઘૂંટણને હડપચી તરફ ઊંચા કર્યા. એમ કરવાથી એમના પગ માથાથી

થોડે છેટે રહ્યા. ઘૂંટણને એમણે પોતાના હાથ લાંબા કરીને વીંટી દીધા.

'લાંબા વખત સુધી એકધારા ઊભા રહ્યા પછી આ ક્રિયા ભારે શાંતિદાયક સાબિત થાય છે. તમારી બેઠક પર શરીરનું મોટા ભાગનું વજન નાખી દો. થાક જેવું લાગે ત્યારે થોડો વખત સુધી આ આસનનો અભ્યાસ કરી શકો છો. એનાથી કેટલાંક મહત્ત્વનાં શક્તિકેન્દ્રોને આરામ મળશે.'

'એ તો એકદમ સરળ દેખાય છે.'

'આરામ કરવાની કળા શીખવામાં કોઇ ગૂંચવણભરેલી પદ્ધતિનો આધાર નથી લેવાનો. સાચું કહે તો, અમારી સહેલામાં સહેલી ક્રિયા પણ ઉત્તમ પરિણામો પેદા કરે છે. પગને લંબાવીને જમીન પર ચત્તા સૂઇ રહો. પગની આંગળીઓ બહારની બાજુ રાખો. હાથ લાંબા કરીને શરીરની બંને બાજુ છૂટા રાખો. પ્રત્યેક અંગને ઢીલું કરો. આંખ બંધ કરો. શરીરનો ભાર જમીન પર નાખી દો. કરોડરજ્જુને સીધી રાખો. અત્યંત આવશ્યક હોવાથી, આ ક્રિયા પથારીમાં કરવી નહીં ફાવે. જમીન પર કામળો પાથરી શકો છો. એ દશામાં પ્રકૃતિનાં આરામદાયક પરિબળો તમને આરામ આપશે. અમે એને 'શવાસન'ના નામથી ઓળખીએ છીએ. જો તમારી ઇચ્છા હોય તો, અભ્યાસ દ્વારા આમાંના કોઇ પણ આસનમાં એકાદ કલાક સુધી આરામપૂર્વક રહી શકો છો. માંસપેશીઓની થકાવટને દૂર કરીને એ જ્ઞાનતંતુઓને શાંતિ આપે છે. મનની શાંતિ પહેલાં શરીરનાં અંગોને શાંતિ મળી જાય છે.'

'તમારી ક્રિયાઓમાં બીજું કશું નહીં, પરંતુ એક યા બીજી રીતે શાંતિપૂર્વક બેસવાનું જ શીખવવામાં આવે છે!'



'એ શું કાંઇ જ વિસાતમાં નથી? તમે પશ્ચિમવાસીઓ ક્રિયાશીલ બનવાની જ ઝંખના રાખો છો, પરંતુ આરામની ઉપેક્ષા કરવા જેવી છે ખરી? જ્ઞાનતંતુઓનો શું કશો જ અર્થ નથી? આરામ અથવા શાંત દશા યોગની શરૂઆતની દશા છે, પરંતુ આપણને જ એની આવશ્યકતા છે એમ નથી સમજવાનું. આખી દુનિયાને એની આવશ્યકતા છે.'

બ્રહ્મના શબ્દો કાંઇ ખોટા નહોતા.

'આજની સાંજ માટે આટલી ક્રિયાઓ પૂરતી છે.' એમણે ઉમેર્યું : 'હવે હું વિદાય લઇશ.'

એમણે જે કાંઇ કહ્યું તે માટે મેં એમનો આભાર માન્યો અને વધારે માહિતી પૂરી પાડવાની પ્રાર્થના કરી.

'કાલે સવારે તમે મને નદીકાંઠે મળી શકશો.' એમણે ઉત્તર આપ્યો.

સફેદ શાલ શરીરે વીંટીને એમણે હાથ જોડીને મારી રજા માગી ને વિદાય લીધી. આટલા આકસ્મિક રીતે પૂરા થયેલા અમારા રસમય વાર્તાલાપને વાગોળવાનું કામ મારે માટે બાકી રહ્યું.

**(ક્રમશઃ)**

જિંદગીમાં રોજ આંધી—તોફાન આવે છે, તેનાથી જે ડર્યો તે મર્યો. આશાના કિરણોથી ભરેલા આકાશમાં જેની નજર હશે તે જ પોતાના પગ પર ઊભો રહી શકશે.

# યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

(ગતાંક થી ચાલુ) —ડૉ. અરુણિકા મનોજ દરૂ

### (૯) સ્વર્ગારોહણ સંસ્થા

ઈ.સ. ૧૯૮૩માં યોગેશ્વરજીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સકલ એપાર્ટમેન્ટમાં એક નિવાસસ્થાન પસંદ કર્યું. જે સત્યપથ નામે ઓળખાય છે. સત્યના પંથે ચાલનારા યોગેશ્વરજીના સત્સંગપ્રેમી ચાહકો માટે એ સત્સંગનું સુંદર સ્થાન છે. એમાં યોગેશ્વરજીનું નાનકડું મંદિર છે. તેમના માતાજીનો સ્મૃતિખંડ છે. યોગેશ્વરજીના સ્મૃતિચિહ્નોનું એ અનોખું સંગ્રહસ્થાન છે.

યોગેશ્વરજીના સંકલ્પનું અન્ય મૂર્તિમંત સ્વરૂપ તે સ્વર્ગારોહણ સંસ્થા. ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીના દાંતારોડ પર આ સંસ્થા આવેલી છે. યોગેશ્વરજીએ જ સ્વર્ગારોહણ સંસ્થા માટે આ સ્થળ પસંદ કરેલું. આમાં યાત્રીઓને રહેવાની સરસ સગવડ છે. સ્વર્ગારોહણ સંસ્થામાંથી તેમના પરમ શિષ્યા અને સંસ્થાના વર્તમાન અધિષ્ઠાતા મા સર્વેશ્વરીએ અનેક શિબિરો યોજીને સમાજકલ્યાણનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. ‘બાળકોની ફૂલવાડી’ નામે બાળશિબિરનું આયોજન કરીને મા સર્વેશ્વરી માસુમ બાળકોમાં અદ્‌ભુત રીતે સુસંસ્કારનું સિંચન કરે છે. અન્નદાન ને વસ્ત્રદાન દ્વારા ત્યાંની તથા આસપાસના વિસ્તારોની જરૂરતમંદ જનતાને રાહત પૂરી પાડે છે. રોગનિદાન તથા રોગોની સારવાર અર્થે વિનામૂલ્યે, અવારનવાર જુદા જુદા પ્રકારના મેડિકલ કેમ્પ યોજાય છે. આસપાસના વિસ્તારની ગરીબ જનતાની સેવાના અનેકવિધ કાર્યો અહીંથી અવિરતપણે



મા સર્વેશ્વરીની રાહબરી હેઠળ થયાં કરે છે સાધકોના તન તથા મનની દુરસ્તી માટે પણ અહીં અવારનવાર અનેકવિધ શિબિરો તથા કાર્યક્રમો યોજાતાં રહે છે.

### સાહિત્યક્ષેત્રે પ્રદાન

યોગેશ્વરજીની જીવનભરની સંગિની એવી લેખનપ્રવૃત્તિ તરફ હવે એક વિહંગદૃષ્ટિ નાખી લઈએ. ગાંધીજીના અવસાન પછી તેમના જીવન અને કાર્યને અનુલક્ષીને યોગેશ્વરજીએ ‘ગાંધીગૌરવ’ નામે કાવ્યકૃતિની રચના કરેલી. એમાં આવશ્યક ફેરફાર કરી અભિનવરૂપે ગાંધીજીને અંજલિ આપવાના પ્રયાસરૂપે ગાંધીશતાબ્દી વર્ષમાં પ્રકાશિત કરવા તેમણે સંકલ્પ કર્યો. યોગેશ્વરજીને મહાત્મા ગાંધીજીએ જ આંતરપ્રેરણા કરી તે મુજબ તેમણે કાકાસાહેબ કાલેલકર પાસે અભિપ્રાય તથા મોરારજી દેસાઈ પાસે આમુખ લખાવીને પ્રકાશનનું કાર્ય નવજીવન કાર્યાલયને સોંપ્યું. ગાંધીશતાબ્દી વર્ષમાં જ એ કૃતિ પ્રકાશિત પણ થઈ અને પછી પુરસ્કૃત પણ થઈ.

આગળ ઉલ્લેખ્યા પ્રમાણે યોગેશ્વરજીએ ત્યારબાદ ‘ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય’ બૃહદ્ પુસ્તક લખ્યું. તે પણ સરસ રીતે પ્રગટ થયું અને સાહિત્યજગતમાં સારો આવકાર પામ્યું.

યોગેશ્વરજી જીવનની ક્ષણેક્ષણનો સદુપયોગ કરતા હતા. નાનપણથી તેમને લખવાની આદત હતી. સાદું જીવન, મર્યાદિત ઊંઘ અને નિયમિત લેખનકાર્યને કારણે ત્રેસઠ વર્ષની જિંદગીમાં, જિંદગીના વર્ષોથી દોઢગણી કે દ્વિગુણી સંખ્યામાં પુસ્તકો આપી શક્યાં. તેમનું સાહિત્ય સંખ્યાબળ અને ગુણવત્તા બંને દૃષ્ટિએ માતબર છે. એમનું કેટલુંક લખાણ હજુય અપ્રગટ છે. તેમણે

'પ્રકાશના પંથે' નામે સુદીર્ઘ આત્મકથા લખી છે. નાનપણથી રોજનીશી લખવાની ટેવને કારણે આત્મકથાલેખન સહજ રીતે શક્ય બન્યું. અધ્યાત્મ માર્ગના સાધકો માટે આ પુસ્તક અમૂલ્ય પથપ્રદર્શક બની રહે એવું છે. એમના પ્રગટ અપ્રગટ સાહિત્યસર્જનને અનુલક્ષીને પીએચ.ડીનો સંશોધનગ્રંથ પણ પ્રા. અરુણાબહેન ઠાકર દ્વારા લખાયો છે. જેમાં યોગેશ્વરજીના લેખનકાર્યની વિસ્તૃત માહિતી તથા ચર્ચા ઉપલબ્ધ થાય છે.

યોગેશ્વરજીએ બાળપણથી મહાપુરુષોના જીવનચરિત્ર વાંચવાની ટેવ પાડેલી. સંતસમાગમ, સત્સંગ તેમને ખૂબ પ્રિય હતો. તેના ફલસ્વરૂપે 'સંતસૌરભ', 'સત્સંગ', 'સંતસમાગમ', 'ધૂપસુગંધ', 'પરબતં પાણી' જેવાં ચરિત્રાત્મક કે મહાપુરુષોનાં જીવનના પ્રેરક પ્રસંગાલેખનનાં પુસ્તકો તેમની પાસેથી સાહિત્યજગતને સાંપડ્યાં.

યોગેશ્વરજીનું જીવન એક પરિવ્રાજકની તીર્થયાત્રા સમું હતું. એટલે 'તીર્થયાત્રા' અને 'ઉત્તરની યાત્રા' જેવાં પ્રવાસવર્ણનનાં પુસ્તકો તેમની પાસેથી મળ્યાં છે. આ પુસ્તકોમાં પ્રવાસસ્થળ વિષેની ઝીણવટભરી માહિતી છે. પ્રાકૃતિક શોભા, દેવસ્થાનો, ધાર્મિક વિધિઓ, શ્રદ્ધા—અંધશ્રદ્ધા, લોકમાનસ વગેરે વિષેની માહિતી તેમાંથી અનાયાસે રસઝરતી કલમે પ્રાપ્ત થાય છે.

યોગેશ્વરજીએ નવલકથા તથા ટૂંકી વાર્તાનો લોકપ્રિય સાહિત્યપ્રકાર પણ સારા પ્રમાણમાં ખેડ્યો છે. 'યોગાનુયોગ', 'સમર્પણ ભા. ૧.૨', 'ઉત્તરપથ ભા. ૧.૨', 'અગ્નિપરીક્ષા', 'પ્રીતપુરાની', 'પરીક્ષિત', 'રક્ષા', 'કાદવ અને કમળ', 'પ્રેમ અને વાસના', 'રસેશ્વરી', 'પરભવની પ્રીત', 'સ્મૃતિ', 'કાયાકલ્પ', 'રોશની' વગેરે એમનું આ પ્રકારનું સર્જન છે.



એમની નવલકથા તથા વાર્તાઓમાં નૈતિક જીવનનો સૂર વહેતો દેખાય છે.

ગાંધીજીની માફક યોગેશ્વરજીના જીવનનું એક અનિવાર્ય અંગ હતું. પ્રાર્થના. બોર્ડિંગમાં રહેતા ત્યારે તેમણે સમૂહપ્રાર્થનાની શરૂઆત કરાવેલી. તઓ નિયમિત પ્રાર્થના કરતા. અનેકવાર તેમણે ભારતભરના સુપ્રસિદ્ધ તીર્થસ્થળોની પણ મુલાકાત લીધી હતી. એવાં યાત્રાધામોની મુલાકાત પ્રસંગે પ્રાર્થનાઓ તથા ભજનો લખાતાં, આ રીત પ્રાર્થના—ભજનસંગ્રહોનું સર્જન શક્ય બન્યું. 'સાંઇસંગીત', 'અભીપ્સા', 'યોગેશ્વરજીનાં ભજનો', 'દ્યુતિ' કાવ્યસંગ્રહ આ રીતે રચાયાં. વિષ્ણુસહસ્રનામ 'શિવમહિમ્નસ્તોત્ર' બંનેના સમશ્લોકી કાવ્યાનુવાદ એમણે આપ્યા છે. 'સનાતન સંગીત', 'પરિમલ', 'અનંત સૂર' સુવિચારયુક્ત ગદ્યકાવ્યો છે. તેમના માતાજીના સ્વર્ગવાસ પછી માતૃશ્રીને ભાવાંજલિ અર્પતાં તેમનાં કાવ્યો 'તર્પણ'માં સંગ્રહાયાં છે.

ગીતા યોગેશ્વરજીનું અતિ પ્રિય પુસ્તક. તેથી ગીતાના તત્ત્વજ્ઞાનને પ્રગટ કરતાં કેટલાંક પુસ્તકો તેમની પાસેથી મળે એ સ્વાભાવિક છે. 'સરળ ગીતા' શ્રીમદ્ ભગવદ્ગીતાનો રોચક કાવ્યાનુવાદ છે જે ખૂબ લોકપ્રિય થયો છે. 'ગીતાદર્શન', 'ગીતાસંદેશ', 'ગીતાતત્ત્વવિચાર', 'જીવનવિકાસનાં સોપાન ભા.૧.૨' ગીતા વિષેનાં સરળ સુંદર પુસ્તકો છે.

આ ઉપરાંત રામાયણ, મહાભારત તથા ભાગવત વિષેનું સુંદર રસપ્રદ સાહિત્ય તેમની પાસેથી મળે છે. તુલસીદાસકૃત રામચરિત માનસનો ગુજરાતી પદ્યાનુવાદ તેમણે આપ્યો છે. 'મહાભારતનાં મોતી' મહાભારતના પ્રસંગવિશેષોને આલેખતો

ચિંતનાત્મક ગ્રંથ છે. 'શ્રીમદ્ ભાગવત ખંડ ૧.૨'માં ભાગવતનું સરળભાષામાં રસદર્શન છે. 'શ્રી દુર્ગા સપ્તશતીસાર ચંડીપાઠ' દેવી ભાગવત વિષયક છે.

યોગેશ્વરજીએ વેદ, ઉપનિષદ અને યોગ વિષે પણ સારા પ્રમાણમાં પુસ્તકો આપ્યાં છે. 'યોગદર્શન', 'ઉપનિષદનું અમૃત' 'ઈશાવાસ્યોપનિષદ' આ પ્રકારનાં પુસ્તકો છે. 'કર્મયોગ' પ્રવચનોનો સંગ્રહ છે. 'પ્રભુ પ્રાપ્તિનો પંથ', 'અમર જીવન', 'ચિંતામણિ', 'સર્વમંગલ', 'ઈશ્વરદર્શન', 'આત્માની અમૃતવાણી', 'જીવનમંત્ર', 'આરાધના', 'અક્ષત', 'સાધના'— તેમનાં ચિંતન વિષેનાં પુસ્તકો છે. સાધનામય જીવનમાં રસ લેનાર સહુને માટે તે ઉપયોગી છે. પૂ.મા સર્વેશ્વરી એમની આંતરિક ગુણસમૃદ્ધિથી તેમના પરિચયમાં આવનાર સર્વ ભક્તજનોને તેજોમય સ્વરૂપે ઊર્ધ્વપંથે પ્રયાણ કરાવતાં રહ્યાં છે. ગુણગ્રાહી, સ્વયંસિદ્ધા, કરુણાવત્સલ ગુણનિધિ ભગવતી મા સર્વેશ્વરીનું જીવન ધન્ય છે. સહુને માટે પ્રેરણાદાયી છે. આવા સંતોથી ભારતભૂમિનું ભાવિ ઉજ્જવલ છે.

યોગેશ્વરજીએ 'એસેન્સ ઓફ ગીતા' અને 'એસેન્સ ઓફ હયુમનલાઈફ' જેવાં અંગ્રેજીમાં પણ પુસ્તકો આપ્યાં છે. 'શ્રેય ઓર સાધના' હિન્દી પુસ્તક છે. તેમણે અંગ્રેજીમાંથી અનુવાદ કરતા પુસ્તકો પણ આપ્યાં છે. પત્રસંગ્રહ પણ પુસ્તકરૂપે છે. જિજ્ઞાસુઓના મનના સમાધાન અર્થે કરેલી પ્રશ્નોત્તરીનાં પણ કેટલાંક પુસ્તકો છે. જેવાં કે 'અધ્યાત્મનો અર્ક', 'ઈશ્વરદર્શન', 'ધર્મનો મર્મ', 'ધર્મનો સાક્ષાત્કાર', આમ અનેકવિધ પ્રકારનું સાહિત્યસર્જન કરી યોગેશ્વરજીએ તેમનું અભીપ્સિત વિશ્વકલ્યાણનું કાર્ય પણ પાર પાડ્યું છે.



યોગેશ્વરજીને એક આધુનિક સંત કહી શકાય. એમના જીવનના તાણાવાણા સદા સાહિત્ય, રાષ્ટ્રપ્રેમ અને અધ્યાત્મ સાથે સંકળાયેલા રહ્યા. એમણે સાહિત્યસર્જન દ્વારા પણ માનવીય ઉત્થાનની ઉજ્જવલ કેડી પ્રસ્થાપિત કરી. એમણે સાહિત્યસર્જન દ્વારા પણ માનવીય ઉત્થાનની ઉજ્જવલ કેડી પ્રસ્થાપિત કરી. એમનું સાહિત્યસર્જન સંસ્કારપોષી, પ્રેરક અને નૈતિક દર્શનનું અનુરાગી રહ્યું છે. પોતાની આધ્યાત્મિક પ્રવૃત્તિના વ્યસ્ત જીવનમાં પણ તેમણે કાવ્ય, વાર્તા, નવલકથા આદિ લેખનકાર્યથી ઉજ્જવળ પ્રતિભાનું દર્શન કરાવ્યું છે. પોલબ્રન્ટન જેવા પશ્ચિમના ભારતીય—અધ્યાત્મના સમર્થ ચિંતકના પુસ્તકનો 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' નામે તેમણે અનુવાદ કર્યો છે જે ખૂબ આદર પામ્યો છે.

**(ક્રમશઃ)**

જેમણે પોતાના આચરણ, વિચારો અને ભાવનાઓમાં આદર્શવાદ તથા ઉત્કૃષ્ટતાનો સમાવેશ કર્યો છે, તેઓ સંત છે. **—યોગેશ્વરજી**

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# એક અભિનવ પારાયણ(૩)

–જ્યોત્સ્નાબેન ત્રિવેદી

### પ્રકરણ : ૧૬ બે પ્રવાહો પ્રેતની વાત

પૂ.શ્રી મા લખે છે જેમ કીડી, મકોડા, સાપ પૃથ્વી પર રહે છે આપણે તેમનું રોજ કામ પડતું નથી. અને રોજ મળવા પણ જતાં નથી કે પત્ર પણ લખતાં નથી. એટલે એવી લક્ષચોર્યાસી યોનિ છે, પણ આપણે તેની ચિંતા ન કરવી. બૂટ તૂટે તો જ મોચીનું કામ પડે. કપડું ફાટે તોજ દરજીનું કામ પડે. તેમ આપણે જીવનમાં સારાં જ કામ કરવા, સારા નિયમોને પાળવા જોઇએ તોડવા ના જોઇએ. એટલે તે(પ્રેત યોનિનું) જગતનું કામ ના પડે. નિયમો સાથેના જગતમાં કોઇ હેરાનગતિ નથી સહજ સરળ રીતે જીવ્યા કરાય છે. નિયમો જ વાડ બની જાય છે. જીવનને સુરક્ષિત કરે છે એટલે આવી વાતોથી ડરવું નહીં. આપણે તો સમર્થના અંકે બેઠાં છીએ, પછી ડર શાનો?

### પ્રકરણ : ૧૭, ૧૮, ૧૯ સાપનું સ્વપ્ન, સરસ્વતીનું સ્વપ્નદર્શન ભગવાન બુદ્ધનું દર્શન યુગાવતાર

પૂ.શ્રી મા લખે છે. પૂ.શ્રીને ખૂબ નાની ઉંમરે સાધના પંથે પગલાં ભરવાનું મન થયું. સામાન્ય રીતે એ ઉંમર મોજ માણવાની હોય છે. સાધના શરૂ કરતાં પહેલાં જ બે સ્વપ્ન દર્શન. સાક્ષાતનાં દર્શન તો ના થાય! પણ પ્રભુની કૃપાથી પૂ.શ્રીને પ્રારંભમાં જ દર્શન થયા જે અનુભવ આખી જિંદગી પણ કોઇને ના થાય. શુભ શરૂઆત થઇ ગઇ. યુગાવતાર શબ્દ પણ ઊઘાડી આંખે વંચાયો. અમને એ વાત તદ્દન સાચી લાગી છે. પૂ.શ્રીના દરેક અનુભવ સત્યના શણગાર સાથે પ્રગટતા



હોય છે. જે સત્ય છે, જે અનુભવે છે તે જ શબ્દોમાં ઉતરે છે. તેમાં અતિશયોક્તિ નથી. પૂ.શ્રીની વિદાય તા.૧૮–૩–૧૯૮૪ અને અંતિમ સંસ્કાર તા.૨૦–૦૩–૧૯૮૪.

અચાનક પૂ.શ્રી વિદાય થયા એટલે પૂ.માનું મન તો ખૂબ જ વ્યથા, બેચેની અનુભવતું. તે દિવસોમાં ઊંઘ પણ ઉડી જતી એટલે 'સત્યપથ'ના પાછળના ઓટલા ઉપર અમે દમયંતીબેન કુંદનબેન(વડોદરા–જીતુકાકા) સાથે વહેલી સવારે બેસતાં. એક દિવસ સામેની દિવાલે અચાનક પ્રકાશ પથરાયો. તે પ્રકાશ અગ્નિની લાલ–પીળી જ્વાળા જેવો હતો, તેમાં અક્ષર વંચાતો હતો 'ક્ષ'ને પછી 'મા' ક્ષમા. એ અનુભવથી અમને થોડી હળવાશ થઇ. એ અનુભવનો અર્થ અમે બે રીતે વિચાર્યો–

અમે ક્ષમા માંગીએ છીએ–હે મા! અમે અચાનક વિદાય થઇ ગયા. ને બીજો અર્થ એ પણ સમજાયો કે હે મા! તમે બધાંને ક્ષમા આપતાં રહેજો. તમારા જીવનમાં અનેક પાત્રો આવશે રડાવશે–મુંઝવણમાં મૂકશે તો તેને પણ તમે 'ક્ષમા' આપતાં રહેજો. ઘણા ઘણા પાત્રોને આવવાનું બન્યું છે, છેક ૨૦૧૨ સુધી તે ક્રમ ચાલુ છે. માને પણ ઘણાં પાત્રો રડાવતાં રહે છે. મા પાસે ક્ષમા સિવાય કોઇ શસ્ત્ર પણ નથી. એટલે 'ક્ષમા' શબ્દ જે લાલ પીળી જ્વાળામાં વંચાયો તેનો અર્થ પણ સ્પષ્ટ જ છે.

ભગવાન બુદ્ધ 'યુગાવતાર' છે એ અનુભવથી પૂ.શ્રીને એક નવી દિશા મળી. દર્શન સાક્ષાત્ થાય છે. એ વાત સાથે પૂ.મા સો ટકા સંમત છે.

એકવાર સવારની સ્વર્ગારોહણમાં ધ્યાનની બેઠકમાં સૌ બેઠાં, પૂ.શ્રીમા પણ બેઠાં. તે સવારે પૂ.શ્રી પોતે સ્વયં પ્રગટ થયા ને પૂ.માથી એક જ વેંત દૂર પૂ.શ્રીએ પદ્માસન વાળેલું ને આંખ

બંધ હતી. તે આખું સ્વરૂપ ધીમેથી ''મા''ની અંદર પ્રવેશ્યું ને સમાઇ ગયું! એટલે એવા અનુભવો થતા હોય છે. તે સત્ય સમજાયું. અનુભવો ટાઢા પહોરનાં ગપ્પાં નથી. એ પણ સમજાયું. જેમ જેમ એ માર્ગે ચાલો તેમ તેમ એવી અનુભૂતિ મળતી રહે છે. અનુભવો સાધનાની પરબડી બની જાય છે. જેમ લગ્નના મંડપે બે મુખ્ય વડીલો સ્વજનો મળે પછી આગળ ચાલી ઘણા સ્વજનો મળે. પછી મંચ ઉપર વર–કન્યા મળે તેવું. જેમ જેમ આગળ ચાલો તેમ તેમ નવા અનુભવો મળતા રહે છે. અહીં આપણે ૧૪મીએ આવ્યા તો પછી કેટકેટલાં સ્વજનો સામેથી મળી રહ્યાં છે! એ રીતે સાધના ક્ષેત્રે પગલાં તો પાડો. અનેક સ્વજનો મળી રહેશે. સ્વર્ગારોહણમાં પ્રવેશ પામ્યા એટલે પ્રથમ 'પ્રભુ' મળે. પછી 'યોગતીર્થ' મળે અને પછી કુટિયા મળે. પછી 'મા' મળે. આસુરી સંપત્તિનું રાજ જાય તો જ સાત્ત્વિક દરબારે દર્શન થાય.

**પ્રકરણ : ૨૦, ૨૧—એક બેનનો સંબંધ, બેનના સંબંધની અસર**

કામવાસના તો સાધારણ વાસના છે. વાતાવરણ અનુકૂળ હોય તો પણ જેનું મન ડગે નહીં ને જેની નિર્મળતાની વૃત્તિમાં વિક્ષેપ પડે નહીં, તે જ વીર પુરુષ.

પૂ.શ્રી મા આ પ્રસંગ પર પ્રકાશ પાડતાં લખે છે કે યુવાનીના પ્રવેશ દ્વારે કેવી સાત્ત્વિક વિચારોની સંપત્તિથી જીવન શણગાર્યું! અશક્ય કાર્ય, કામવાસનાને નાથવાનું તેમણે શક્ય કરી બતાવ્યું. જે જે ભાઇ બહેનો એકલાં રહેવા માંગે છે, લગ્ન જીવનમાં પડવા નથી ઇચ્છતાં, તેમણે આ પ્રકરણનો રોજ પાઠ કરવો જોઇએ.



**પ્રકરણ : ૨૨, ૨૩**

પૂ.શ્રી માની કલમ કહે છે એક ઈશ્વરનું જ આકર્ષણ અને એક ઈશ્વરની જ મમતા, માણસને માટે મંગલકારક છે. જીવનનું સાચું શ્રેય તેમાં જ છે.

૨૦ વર્ષમાં આટલા પવિત્ર ભાવભર્યા જીવનને જોઇએ તો પણ નવાઇ લાગે તેવું છે, ખૂબ નાની ઉંમરે પૂ.શ્રીએ ખૂબ મોટી સફળતા મેળવી કહેવાય.

(પારાયણમાં બીજા દિવસથી રોજની ચાર બેઠકો થાય છે. સવારે ૮ થી ૧૦, ૧૧ થી ૧, ૪ થી ૬ તથા ૮ થી ૧૦. સહુએ પોતાની વ્યક્તિગત સાધના એ પહેલાં પતાવી દેવાની હોય છે. અનેક જન્મોના પુણ્યરૂપે જાણે સતત સતત દિવસના આઠથી પણ વધુ કલાક શ્રી શ્રીમાનું પ્રત્યક્ષ દર્શન થાય છે. તેમની કલમરૂપી અમૃતવાણીનો લાભ મળે છે. અનુભૂતિનાં પીયૂષ પાન મળે છે. ગંગાજીનો નિનાદ, કથા શ્રવણનો હોંકારો ભણે છે. અદ્‌ભુત દિવ્ય વાતાવરણ છે. અનેક સંત મહંતો કે દિવ્ય વિભૂતિઓ પણ અહીં વિચરતી હોય છે. તેથી શ્રી શ્રીમા મૌનનો આગ્રહ રાખે છે. વિદેશી સાધકોની ઉપસ્થિતિને લીધે શ્રી જગુભાઇ પ્રકરણોના અંતે તેનું અંગ્રેજીમાં ભાષાંતર સાર રૂપે કરે છે.)

**પ્રકરણ : ૨૪ થી—પ્રકરણ ૩૩ લગ્નની સ્મસ્યાથી—પત્રનો પ્રત્યુતર**

પૂ.શ્રીમા લખે છેઃ—અરવિંદ આશ્રમમાં પૂ.શ્રીને મંજૂરી ના મળી તે વાત પૂ.શ્રી નારાયણભાઇને પત્ર દ્વારા જણાવે છે. નિરાશ થનારને માટે આધ્યાત્મિક જગતમાં સ્થાન નથી.

પ્રશ્નઃ—સાક્ષાત્કાર કોઇ એક જ ઠેકાણે થઇ શકે છે?

અરવિંદ આશ્રમમાં પૂ.શ્રી સાધક તરીકે પ્રવેશ્યા હોત તો આપણને લાભ ન મળત. જે થાય તે મંગલ માટે.

અમેરિકાથી ૮ ભક્તો આવ્યા છે, આનંદ છે. પંકજભાઇ પરમાર્થી પોતાના વિદેશી મિત્રને લઇને આવ્યા છે, તે ભાઇ શ્રી ફ્રેન્ડ પોલીસ ઓફિસર છે. મા સાથે મુલાકાત થયેલી, મા મારગે મળે છે. અંબાજી સ્વર્ગારોહણ, દીલ્હી, આગ્રા, મથુરા, અક્ષરધામ બધી યાત્રાઓ કરે છે. મોરબીથી આવનાર ગ્રુપની રક્ષા થાય છે. તો કેવી રીતે રક્ષા થઇ? મોરબીથી અમદાવાદ આવતાં રાત્રે ૧૧ વાગે એકાએક બસ પલ્ટી ખાઇ ખાડામાં પડી ગઇ. આગળના ભાગમાં ''પ્રકાશના પંથે'' ગ્રંથના અક્ષર દેહે રક્ષા કરી. પૂ.શ્રીના અક્ષર દેહની આરાધના કરવા નીકળ્યા એટલે પૂ.શ્રીએ રક્ષા કરી. નહીં તો કેટલાં બધાં મંગલ મંદિર ગાવા પડત!

## પ્રકરણ—૩૪ હિમાલયમ જવાનો નિર્ણય

પૂ.શ્રી પ્રભુએ સ્વામી શિવાનંદને લખેલો પત્ર. ''કોઇક વાર હું રાત્રે રડું, સોહમ્ સોહમ્ કર્યા કરું. ઘણીવાર હું શાંત થઇને બેસી રહું. આ વર્ષે મને એક સ્વામી મળ્યા. મેં મારી વિગતો જણાવી વારંવાર પૂછ્યું, ''હું પરમેશ્વરને કેવી રીતે મેળવી શકું?'' આત્મસાક્ષાત્કાર કરવાની મને લગની લાગી છે! જ્યાં સુધી હું પરમેશ્વરનો સાક્ષાત્કાર નહીં કરું, ત્યાં સુધી હું લગ્ન નહીં કરું. માતાજીએ કહ્યું કંઇ કામ કર, પણ મારું કશામાં ચિત્ત ચોટતું નથી. હું યોગની પ્રેકટીસ કરું છું. તમે શિવ ભગવાન જેવા છો હું તમારા પેમ્ફલેટ વાંચું છું. મને તમારે ત્યાં આવવા માટે આકર્ષણ થયું છે. હું તમને પ્રાર્થના કરું છું કે તમારા જેવા સદ્‌ગુરુ મળે અને મને પ્રકાશમાં લઇ જવા માટે મદદ કરે તે



માટે વિનંતી કરું છું. ઘણીવાર મને સચ્ચિદાનંદ છું, એવા ભાવ સ્ફુરે છે. હું આપના પત્રની રાહ જોઉં છું.''

**આપનો આજ્ઞાંકિત—**

**પ્રત્યુત્તરઃ—**

તમે સાધના ક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી છે. ધાર્મિક સંસ્થામાં જઇ સેવા કરો. તમારી માતાની સેવા કરો. યોગની પ્રેકટીસ કરો. આ જગ્યા એડવાન્સ સ્ટુડન્ટો માટે છે.

પૂ.શ્રી મા લખે છે આપણે પણ ૧૯ વર્ષનાં હતાં, ત્યારે આપણને તો આવા કોઇ વિચાર ના આવ્યા. ઉગતી યુવાનીમાં બૂટ, ચંપલ છોડી, પ્રાર્થના કરવી; ઉગતી યુવાનીમાં ત્યાગની ભાવના. આ બધું જ કોઇ વિશેષ વ્યક્તિ જ કરી શકે. ૧૯ વર્ષનો એ યુવાન કેટલા દૃઢમનોબળ સાથે પત્ર લખવાની હિંમત કરે છે? ને તેમાં પણ સ્પષ્ટ કહે છે કે પ્રભુનું દર્શન ના થાય ત્યાં સુધી લગ્ન નહીં કરું. પોતાને મહર્ષિ અરવિંદ તરફથી નિરાશા મળી છે છતાં હાર્યા નથી. તેમના આ વિચારને સમજી શકે તેવો કોઇ વડીલ પણ પાસે નથી. તો ઘરની પરિસ્થિતિ પણ પૈસાપાત્ર નથી. એક ગરીબ ઘરનો પિતા વગરનો છોકરો કેવા ઊંચા અને ભવ્ય સ્વપ્નાં સેવે છે! તો પ્રભુ એ પાત્રને કેવી રીતે ઊંચકી લે છે! એક રીતે મહર્ષિ અરવિંદ અને રમણમામા બંનેએ એની પરીક્ષા લીધી. ઈશ્વરની જ એ યોજના હતી. ૧૦૦રૂા. નું બહાનું કાઢે અને અટકાવવાનો પ્રયત્ન કરે, એ સ્વાભાવિક છે. અમે રમણમામાને ઘણીવાર મળ્યાં. સત્સંગમાં પ્રવચનમાં આવતા. નાની માળા રાખતા. ''ૐ નમઃ શિવાયની'' માળા જપતા. ખૂબ શાંત હતા. ધોતી કફની પહેરતા. ઘરે પધારો એવા ભાવ પણ

પૂ.શ્રી આગળ વ્યક્ત કરતા. જેમણે ૧૦૦રૂા. માટે અટકાવ્યા એવા મામા માટે પણ એવો જ આદર. આપણે તો ગાંઠવાળી લઈએ કે એમણે મને ના પાડેલી. તે શું સમજે તેમના મનમાં! પણ પૂ.શ્રી રાગ દ્વેષથી ઉપર ઉઠેલા. રમણમામા એવું પણ કહી શકત કે ચાલ, ઘરમાંથી નીકળ, કમાવું નથી, ભણવું નથી, મામાની એટલી ઉદારતા હતી. માતાજીને પણ મૌન રાખવા સિવાય છૂટકો ન હતો. હિમાલય જેવા પહાડમાં જવાનો વિચાર હોય તો માતાજી શું કરે? ૧૯ વર્ષનો એ યુવાન મનોબળથી સજ્જ હતો. એટલે જ પ્રભુ પંથે જઈ શક્યો.

હમણાં એક યુવાન અમારી પાસે આવે છે. લગ્ન કરવાની ના પાડે છે. માતા–પિતા કહે કે કેમ ના પાડે છે! બાવા થવું છે? ના, મને કોઈ જ ઘરમાં સમજતું નથી. કોઈ મને પ્રેમ કરતું નથી. ને એક દિવસ તો ઝેર પીવાનું પડીકું પણ મા–બાપને બતાવી દીધું હતું. મારે લગ્ન નથી કરવાં. શા માટે? તે ખબર નથી. પણ નથી કરવાં. મા સમજાવે છે કે પિતા હાર્ટના દર્દી છે તો પિતાને કાંઈ થઈ ગયું તો! તો મારું નામ આવશે. તો એક કામ કર માતા–પિતા બધા મળી તેની ચર્ચા કરીએ. તો તે યુવાને કહ્યું, મા, એક શરત. મા મારા પક્ષે રહેજો. જરૂર મા તારા મિત્ર બનીને રહેશે. આવી યુવાનીની સમસ્યા હોય છે.

પૂ.શ્રીએ કોઈને ધમકી આપી નથી. તમને ના પાડું કે હું આમ કરું–તેમ કરું કે ઘર છોડી દઉં? શાંતિથી સ્વસ્થતાથી એ ઉંમરે પણ પૂ.શ્રી ગંભીર બનીને વિચારી શકતા હતા. પ્રભુની પ્રેરણા એમના જીવનમાં, પ્રભુ એમની પડખે જ, પ્રભુ જ રસ્તા કાઢે. શિવાનંદ ઓળખી ગયા હતા. એવું પણ સમજી શકાય.



શિવાનંદે આમાં મહાપુરુષની શક્યતા જોઈ છે. ભિક્ષુ અખંડ આનંદને લેખ મોકલવાની યોજના પણ પ્રભુની જ હતી. જે પાત્રને પરમાત્મા પસંદ કરે તે માટે રસ્તા પરમાત્મા જ આગળ ને આગળ બતાવે. કોઈ શક્યતા ન હતી. સરોડાનો એ છોકરો મુંબઈ ભણવા જાય, વડોદરા મામાને ત્યાં પાછો આવે. મામા એને પ્રેમથી રાખે. કોલેજ જવાનું ગમતું ન હતું. પૂ.શ્રી લખે છે કે અમારો આખો દિવસ બહાર જતો. એક યુવાન એ રીતે જીવે તો બધા માટે પ્રશ્નરૂપ થાય. છતાં ઈશ્વરની યોજના હતી તો રમણમામાએ પણ ઉદારતાથી રાખ્યા. હવે ભિક્ષુ–અખંડઆનંદને મળવા જશે.

સત્ય એકલું જ નહીં પ્રેમ અને ન્યાય પણ સાથે લઈને ચાલે છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પનામાનો પુણ્ય પ્રવાસ

**—મા સર્વેશ્વરી**

**પનામા ૯/૮/૦૫ મંગળવાર**

પનામા હોય કે પોર્ટુગલ હોય પણ પ્રભાતે પ્રણામ તો હોય જ. પ્રણામથી મા માની લે છે કે પ્રભુને મળી લીધું. પ્રભુ પણ માની લેતા હશે કે પ્રણામ પૂજા થઈ ગઈ.

જે હોય તે, પણ પ્રણામ ગમે છે. પ્રભુ ગમે છે. પ્રત્યેક પ્રણામ ગમે છે. પ્રત્યેક પગલા પ્રભુનાં ગમે છે. પ્રભુનો પ્રત્યેક પ્રસાદ ભલે ને વિષાદ સ્વરૂપે મળે, તો તે પણ ગમે છે. પ્રિય પાત્રનું સઘળું પ્રિય. વ્હાલ મીઠું તો વઢ પણ મીઠી, હાશ મીઠી તો લાત પણ મીઠી. ગોઠડી માંડે તો તે મીઠી ને અબોલા લે તો પણ મીઠા. દર્શન આપે તો પણ મીઠા ને યોજન દૂર અદૃશ્ય રહી કાર્ય કરે તો તે પણ મીઠા.

મીઠાશ ક્યાંયે કોઈ ખૂણેથી કટુતા ન ધારણ કરે. સર્વત્ર વ્હાલનું સામ્રાજ્ય એ તો માણે તે જ જાણે, ને અનુભવ તૃપ્તિનો આ ઓડકાર સમજ તે વધાવે.

માને આનંદ છે. પ્રણામ થઈ ગયા. આજે કેનેડાના ૨૨ ભક્તો પનામાથી વિદાય થાય છે. મા સૌને મળે છે.

ગીતાબેન, હંસાબેન, રૂક્ષ્મણીબેને પનામામાં માને સાડીઓ અર્પણ કરી. તે તો રંગીન હતી.

મા લખે છે, ખરેખર તમે રંગીન ધરો છો, તે તમારે માટે જ ધરો છો. તમે જાણો છો કે મા સફેદ જ પહેરે છે. પાછી પ્રસાદમાં મળશે જ એમ માનીને ધરો છો!

તો હવે મા એક નવી યોજના વિચારે છે કે બધાની સાડી સ્વીકારવી અને ગરીબોને આપી દેવી. પણ મા જો બધુ જ સ્વીકારવા માંડે તો તો કેટકેટલા ગોડાઉન ભરાઈ જાય.



લો પછી.

અને એ ત્રણે જે વસ્ત્રો ધરે છે તેને જ પાછું આપી દેવાનું બને છે.

શ્રી હરિ એ રીતે રક્ષમામ ગાયા વગર, સતત ફરતે ફરીને નિયમોની રક્ષા, લોભથી રક્ષા કરતા રહે છે.

સૌ આગ્રહ કરતા રહ્યા મા ટોરન્ટો જલ્દી જલ્દી પધારો.

આજે એક વાગે નયના જગદીપ મળે છે. આ વરસે જાણે નયનાને એક નવી આંખ, નવી સમજ શક્તિ પ્રાપ્ત થઈ રહી છે એટલે જ એ માના કાર્યક્રમમાં આવી રહી છે. પરિવારના બાળકોને પણ લાભ મળી રહ્યો છે.

આજે ૧॥ વાગે પનામા દર્શન દિવ્યેશભાઈ કરાવે છે. પોતાની ગાડીમાં સરસ આસન બનાવીને સેવામાં હાજર જ હોય છે.

પનામા સતત ભારતનું સ્મરણ કરાવે છે. રસ્તા, મકાનો, માણસો, દુકાનો, બધું જ.

મા અગાઉ બે વાર જૂના ઘરે આ યજમાનને ત્યાં જ ઊતર્યાં હતાં. તે વિસ્તારમાંથી જ ગાડી ખાસ લીધી.

પનામાની મૂળ પ્રજા કેવી રીતે રહે છે. શું કરે છે એમના આજીવિકાના સાધનો કેવાં તે વિષયનું એક પ્રતીક સ્થળ જોયું.

મૂળ પ્રજા ભારતની આદિવાસી જેવી જ લાગે છે. ઝૂંપડા જોયા. ગૃહઉદ્યોગો જોયા. માટીના નાનકડા ગોળાકારમાં સરસ વાંસળી જેવું. વાંજીત્ર પણ જોવા મળે છે.

પછી દરિયાઈ જીવો ને જોવા ગયા. પણ ચાલવાનું ખૂબ હોવાથી પાછા વળી ગયાં.

કેનલ જોઈ. હવે પનામાની સરકારે ઘણી સારી સુવિધા, સંગ્રહસ્થાન સાથે ઊભી કરી છે.

ચોથે માળની અગાશીમાંથી સ્ટીમરને પસાર કરતી

પ્રવૃત્તિઓ સરસ રીતે જોઇ શકાય.

એટલાન્ટીકને પેસીફીક સાથે જોડતી આ નહેર અને તેમાંથી સ્ટીમરો કેવી રીતે પસાર કરે એ જોવા હજારો પ્રવાસીઓ પનામા ઊતરે છે.

થોડી જ મિનિટમાં એક વિભાગમાંથી બીજા વિભાગમાં મોટા ઘર જેવડી સ્ટીમરો મશીનોથી પાણીથી પસાર કરાવે.

દરેક સ્ટીમરને અહીં ૧ લાખ ૧ાા લાખ ડોલર ખર્ચ માટે આપવા પડે છે. તો તેમનો ઘણો લાંબો ફરીને જવાનો માર્ગ ટૂંકો થઇ જાય છે.

આ વિભાગમાં જાણકાર કેપ્ટન પનામાના હોય તે જ સ્ટીમરનું સુકાન સંભાળી લે. નહેર અતિશય સાંકડા માપની છે. જેથી જે કુશળ હોય તે જ તેને ચલાવી શકે. દરેક સ્ટીમરે આ વિભાગમાં પનામાના જ નક્કી કરેલા જ સુકાની લેવા પડે.

એ જોતાં જોતાં સતત શ્રી હરિનું સ્મરણ થયું.

જીવનના એક વિભાગમાં આ સ્ટીમરની જેમ સુકાન સંભાળવા શ્રી હરિ આવી ગયા કુશળ નાવિક સરસ રીતે જીવન નાવને ચાલવતા અનુભવવા મળ્યા છે.

ભલેને જીવનનાવ ઘણી મોટી હોય પણ સફળ સુકાનીને તો સર્વસાધનો સરળ જ લાગે.

માનું સુકાનીપદ જાણે ભક્તિમાર્ગનું જીવંત પ્રતીક છે. આ જીવનમાં શ્રી હરિ કેવો સર્વત્ર વ્યવહાર કરી કરીને અણુ પરમાણુને આનંદિત, સાર્થક કરી રહ્યો છે. તે તો જોનાર ધ્યાનથી જુએ તો જ ખ્યાલ આવે.

રાતે સત્સંગની બેઠકમાં પદયાત્રાની વિડિયો ૧૦ મિનિટની હતી તે બતાવી. આજે બે ત્રણ બેનો બોલ્યાં. સૌના અવાજમાં વિદાયની વેદના વંચાતી હતી. હે હરિ, તારો એવો તે કેવો પ્રેમનો પ્રભાવ પથરાયો છે કે સામેના હૃદયમાં તેનું પ્રતિબિંબ



તરત જ પડે?

સમગ્ર સૃષ્ટિમાં હે હરિ, પ્રેમનો પવિત્ર પ્રસાદ પાથરી દો. જેથી તન ને મનનું આરોગ્ય સ્વસ્થ રહે.

આજે બધા જ વિદ્યાર્થીઓએ પોતાના મા મળ્યાના ભાવ પત્રોમાં ઊતારીને માને ધર્યા છે. અરે, કેટલાકે તો પોતાના ફોટા પણ સાથે મૂક્યા છે.

પ્રેમસ્વરૂપ પરમાત્માનો પવિત્ર પ્રેમભાવ માણવા જેવો છે. આ યુવા વર્ગ જાણે પ્રભુની પ્રસાદી સમા છે. સોયની અણિ જેટલો પ્રેમ પામી ઝૂકી જનારાની આ એક અનોખી મંડળી છે. સહેજ જ ચકમક ઘસતા પ્રેમ પ્રકાશીત થતો સૌ જોઇ રહ્યા છે.

આજે પણ ત્રણ ચાર ભક્તોએ કોક છોડીને નિયમને વળગી રહેવાની શક્તિ માંગી છે.

ધીરે–ધીરે યુવા વિદ્યાર્થી જગત ઉપર શ્રી હરિ પોતાની પગદંડી ઉપર પગલાં ભરાવી રહેલ આ જીવનમાં દેખાઇ આવે છે.

રાતે પાછા બેઠક પછી સૌ મળે છે. સૌ પોતાના નામ ને અભ્યાસની વાતો કરે છે. કોમલ, હીરલ, ડીમ્પલ, બિન્દી, ભામિની, જેસલ, દીપ્તિ, અમીતા, નિકુંજ, વિશાલ, મયૂર, રવિ, ચિરાગ, સુશીલ, યામિની કેટલાંક નામ નજીકથી માણ્યા. જેમણે કંઇક છોડ્યું તે સહજ સ્મરણે રહે.

આજે મુલાકાત વધી ગઇ. આજે પનામાની ધરતી ઉપર અંતિમ દિવસ છે. એટલે ભક્તોમાં જાણે એક પ્રકારની અધિરાઇ આવી ગઇ છે.

હરિની ઇચ્છા પ્રમાણે મા તો ફરે વિવિધ સ્થળે વિવિધ ભક્તોને વિવિધ શ્રદ્ધા ને તે છતાં પ્રત્યેકને સમય થતા સલામી. અહીં પણ સલામી ભરીશું.

પ્રણામ, પ્રણામ, પ્રણામ. **(ક્રમશઃ)**

# ચમત્કાર, સાક્ષાત્કાર

—વિનોબા

### ૧. ધ્યાનજન્ય ચમત્કાર

૦ 'શક્તિપાત' મને મંજૂર નથી, હું તો બુદ્ધિપૂર્વક પહોંચવા માગું.

૦ યોગ દ્વારા રોગમુક્તિ યાને હરિચરણ ગુમાવી આરોગ્યપ્રાપ્તિ.

૦ વિજ્ઞાને અનેકગણા ચમત્કાર કરી બતાવ્યા છે.

સિદ્ધિ—ચમત્કારોનું મેં ખાસ્સું પરીક્ષણ—નિરીક્ષણ કર્યું છે. એમાં ગુણવિકાસજન્ય ચમત્કારો સાચા, લાભદાયી અને યૌગિક હોય છે. બાકીના બધા કાલ્પનિક. કેટલાક આશ્વાસનાત્મક પણ હોય છે. એટલે લાભદાયી નીવડે છે. કેટલાક નુકાસાન પણ કરે છે. એટલા માટે ગીતામાં શ્રદ્ધાને સાત્ત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ ભૂમિકામાં વહેંચી છે.

અમે નાના હતા ત્યારે દેશમાં સ્વરાજ્ય—પ્રાપ્તિની હવા હતી. તે વખતે શ્રી અરવિંદના ભાઈ બારીન્દ્રજી પર બોમ્બકેસ ચાલી રહ્યો હતો. શ્રી અરવિંદ પર પણ ચાલ્યો. અમને તેમને માટે ખૂબ આદર હતો. એક દિવસ સમાચાર આવ્યા કે તેમને સમાધિ લાગી અને પૃથ્વીથી આઠ ઈંચ ઊંચે અંતરાળમાં તેમણે બેઠક જમાવી. એટલે કે ભૂમિ યા આસનનો સ્પર્શ ન થયો. યોગસિદ્ધને કારણે શ્રી અરવિંદ અંતરાળમાં બેઠા, આ સમાચાર વાંચીને કોણ જાણે કેમ પણ એ ચીજ માટે મારા ચિત્તમાં અશ્રદ્ધા નિર્માણ થઈ. અને પછી ક્યારેય તેના પર બેઠી જ નહીં.

બીજી એક ઘટનાનો સંબંધ એની બેસન્ટ સાથે છે. એક દિવસ તેમનું મદ્રાસમાં પ્રવચન થઈ રહ્યું હતું. અને તે જ દિવસે, તે જ



સમયે મુંબઈમાં ડૉ. સર ભાલચંદ્ર ભાટવડેકર સાથે તેમની વાતચીત ચાલી રહી હતી. ભાટવડેકર ખૂબ પ્રસિદ્ધ ડૉક્ટર હતા. તેમની ઓફિસમાં તે જ દિવસે, તે જ સમયે બંને સામસામાં બેસીને વાતચીત કરી રહ્યાં હતાં. મદ્રાસના ભાષણના અને તેમની વાતચીતના વિષય ભિન્ન ભિન્ન હતા. આ સાંભળી હું આશ્ચર્યચકિત રહી ગયો. એ માણસ પોતે કહી રહ્યો હતો કે 'મેં વાત કરી.' તો એને જૂઠો ન કહી શકાય. મને લાગ્યું કે એ બન્યું હશે. સંભવ છે કે એમણે રૂમમાં ડૉ. બેસન્ટનું ચિત્ર રાખ્યું હોય અને ધ્યાન કર્યું હોય. તેમણે કેટલાક પ્રશ્ન પૂછ્યા હશે અને તેમને ઉત્તર મળ્યા હશે. મારું માનવું છે કે આ પ્રકારનો અનુભવ આવી શકે. એ સિદ્ધિનો પ્રયોગ એની બેસન્ટે કર્યો નહીં હોય, એ થયો હશે. તીવ્ર શ્રદ્ધા અને ધ્યાનશક્તિને પરિણામે ડૉ. બેસન્ટનો ઘનિષ્ઠ સંબંધ હોય અને તે દિવસે ડૉ. બેસન્ટે ભાલચંદ્રનો વિચાર પણ કર્યો હોય—કોઈ શક્તિનો પ્રયોગ કરવા માટે નહીં, સહજરૂપે. અને તેથી એ અનુભવ આવ્યો હોય. આ રીતે એક બાજુ શ્રદ્ધા હતી અને બીજી બાજુ ધ્યાનનો પ્રયોગ થયો. તો મને એ અસંભવ નથી લાગતો. પરંતુ એટલું નિશ્ચિત કે એનો અધ્યાત્મની સાથે કશોયે સંબંધ નથી.

પાડાની પીઠ પર ચાબખા માર્યા અને જ્ઞાનદેવની પીઠ પર સોળ ઊઠ્યા એવા ચમત્કારોને માનવા હું તૈયાર છું. કેમ કે સમજી શકું છું કે એ કરુણામૂલક ચમત્કાર છે. કરુણાને કારણે જ્ઞાનદેવનું ચિત્ત પાડાના ચિત્ત સાથે એકરૂપ થયું અને તેમના પર તેની અસર થઈ. પરંતુ 'જ્ઞાનદેવ એક ભીંત પર બેઠા અને ભીંત ઊડવા લાગી'—આ વાત મને નથી સમજાતી. ભીંત ઊડે તેમાં શો ચમત્કાર થયો? સામાન્ય ટ્રેન પણ ધસમસતી દોડે છે, તે શું ઓછો ચમત્કાર છે? મને તેનું આકર્ષણ નથી. હા, એ એક રૂપક છે. જ્ઞાનેશ્વર મહારાજે ભીત ચલાવી. કોની સામે? ચાંગદેવ સિંહ પર

બેસીને આવી રહ્યા હતા, એમના સ્વાગત માટે જવાનું હતું. તો એમના કરતાં કાંઇક સવિશેષ કરવાનું હતું. કોઇ જાંબુ લઇને આપણને મળવા આવે તો આપણે તેને કેરી આપીને આવકારીએ, તેના જેવું. જ્ઞાનદેવ મહારાજ એ વખતે ભીંત પર બેઠા હતા, તો એમણે ભીંતને જ ચલાવવા માંડી—આવી કથા પ્રસિદ્ધ છે. આ રૂપકનો અર્થ એટલો થાય કે ચાંગદેવ સિંહ પર બેસતા એ એમની અહિંસાનો ચમત્કાર, તો જ્ઞાનદેવે ભીંત ચલાવી એટલે જડને ચેતનમય બનાવ્યું.

ઘણાં વરસો પહેલાંની વાત છે. મુંબઇમાં એક મેસ્મેરિઝમવાળો મને કહે કે હું સામેની વ્યક્તિના ચિત્ત પર અસર પાડી ધાર્યું કામ કરાવી શકું છું. મેં કહ્યું, 'તો લે, કર મારા ઉપર પ્રયોગ.' મને કહે, 'મારી સામે અપલક જોયા કરજો.' પછી એ એની આંગળીઓ નચાવતો રહ્યો અને હું જોતો રહ્યો. ૧૫ મિનિટ ગઇ, ૨૦ મિનિટ ગઇ પણ કાંઇ પરિણામ ન આવે. છેવટે કહેવા લાગ્યો. 'તમારું નિશ્ચયબળ દૃઢ છે, એટલે કાંઇ અસર ન થઇ.' ત્યારે મેં એને ધમકાવ્યો કે નબળા દિલવાળા લોકોનો લાભ ઉઠાવી આ શું ધંધો માંડ્યો છે? કોઇના ચિત્તને નબળું પાડી એની નબળાઇનો લાભ ઉઠાવી એનું કલ્યાણ કરવાની વાત મને જરાય મંજૂર નથી.

આવો બીજો એક ફેડ(ઘેલછા) છે 'શક્તિપાત' નો. માથા પર હાથ મૂક્યો અથવા આલિંગન આપ્યું કે થઇ ગયું પરિવર્તન! સ્પર્શ માત્રથી કોઇ મુક્તિ અપાવે એવી મુક્તિ મને ન ખપે. હું પોતે સમજી—વિચારીને પહોંચવા માંગું. બાકી દિલ—દિમાગને નબળાં પાડી શ્રદ્ધાને જોરે કામ થાય તે હંમેશાં કલ્યાણકારી નથી નીવડતું. અને તેમાં જો કૃતાર્થતાનો ભાસ થઇ ગયો તો તો આવી જ બન્યું! પછી પ્રગતિ માટે કોઇ અવસર નથી રહેતો.

યોગસાધનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ એ કાંઇ મુક્તિની અવસ્થા નથી. બલ્કે મુક્તિના માર્ગમાં અવરોધક છે. તેની કીંમત



કેટલી? રામકૃષ્ણ પરમહંસે એક યોગીનો પ્રસંગ ટાંક્યો છે. વીસ વરસ સાધના કરી તેણે પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. ગંગાના પાણી પર ચાલતો ચાલતો તે રામકૃષ્ણદેવ પાસે આવ્યો અને કહ્યું, 'જુઓ, હું કેવો પાણી પર ચાલતો ચાલતો આવું છું.' તો રામકૃષ્ણે કહ્યું, 'આને શું યોગ કહેવાય? બે પૈસા આપીને હોડીમાં બેસીને નદી પાર કરી શકત. તેને માટે વીસ વરસ સાધના કરવાની શી જરૂર?' વીસ વરસની સાધનાની કીંમત બે પૈસા!

મને પૂછે છે, યોગ દ્વારા ચક્કર આવતા બંધ કરવાનો પ્રયોગ તમે કેમ નથી કરતા? પરંતુ સમજવાની વાત છે કે ધ્યાનનો ઉપયોગ ભૌતિક કાર્ય માટે કરવો, આધ્યાત્મિક દૃષ્ટિને નુકસાનકારક છે. એટલા માટે મોટા મોટા યોગીઓએ પણ દુઃખ ભોગવીને જ રોગમાંથી મુક્તિ મેળવી. રોગ થાય જ નહીં, એ અસલી યોગ છે. એ તો ન સધાયું. એવી સ્થિતિમાં રોગનિવારણ માટે યોગનો ઉપયોગ કરવો એટલે હરિચરણ ગુમાવીને આરોગ્યપ્રાપ્તિ કરવી, મતલબ વ્યાજના લોભમાં મુદ્દલ ગુમાવવું.

આમ, કેટલાક ચમત્કાર ચિત્તશુદ્ધિના પરિણામે થાય છે, કેટલાક ચમત્કાર શ્રદ્ધાના પરિણામે થાય છે. કેટલાક યોગસિદ્ધના પરિણામે થાય છે. ચિત્ત સાફ હોય, અહિંસા સંપૂર્ણપણે આત્મસાત્ થઇ ગઇ હોય, વેર ખતમ થઇ ગયું હોય એવા મનુષ્યને સાપ શું નથી કરતો. આવીને ખોળામાં બેસી જાય છે. આ પણ એક ચમત્કાર જ છે. એ કોઇ નાનોસૂનો ચમત્કાર ન ગણાય! નિર્વિકાર, નિરહંકાર, અહિંસામય ચિત્ત હોય તો આવું બની શકે.

બાકી, હું માનું છું કે યૌગિક ચમત્કાર કરતાં અનેકગણા ચમત્કાર વિજ્ઞાને કર્યા છે. તટસ્થ દૃષ્ટિએ જોઇએ તો કોઇ દિલ્હીમાં બોલે અને આપણે અહીં વર્ધામાં સાંભળીએ એ કેટલો વિલક્ષણ ચમત્કાર છે! આથી મોટો ચમત્કાર કોઇ યોગી કરશે કે.

# નરેન્દ્રની સંશયવૃત્તિ

**—મહાત્માશ્રી યોગેશ્વરજી**

એ વખતે સુપ્રસિદ્ધ સ્વામી વિવેકાનંદ હજુ સ્વામી વિવેકાનંદ નહોતા થયા અને સુપ્રસિદ્ધ તો શું પરંતુ પ્રસિદ્ધ નહોતા બન્યા.'

એ વખતની વાત છે.

એ વખતે એમનું નામ નરેન્દ્ર હતું.

એમને આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક જીવનવિકાસની અભિરુચિ હોવાથી એ દક્ષિણેશ્વરના સુંદર શાંત સ્થળમાં રહેતા સંત શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ પાસે વારંવાર જતા.

એમના સંસર્ગમાં એમને ઊંડી શાંતિ મળતી.

રામકૃષ્ણદેવ સ્ત્રી માત્રમાં જગદંબાનું દર્શન કરતા અને કામવાસનાથી સંપૂર્ણપણે મુક્ત હતા. પોતાની પત્ની શારદાદેવીની અંદર પણ એમણે સૃષ્ટિની એ પરાત્પરા શક્તિનું દર્શન કરેલું ને એ જ પવિત્ર ભાવથી પ્રેરાઈને એની વિધિપૂર્વક પૂજા કરેલી.

એ બધી હકીકત સામાન્ય મનુષ્યોને માટે સમજવી જરા મુશ્કેલ હતી. વિષયરસથી ભરેલા મોહાંધ મનુષ્યો એવી વાતોને ટાઢા પહોરના ગપ્પામાં અથવા અતિશયોક્તિમાં ખપાવે એવી શક્યતા વધારે હતી. એ તો ખરું. પરંતુ વિચારકોને વિદ્વાનો પણ એવી વાતો સાંભળીને એમની સચ્ચાઈ વિશે આશંકા વ્યક્ત કરતા.

નરેન્દ્ર અવારનાર રાતે રામકૃષ્ણદેવના આગ્રહને



માનઆપીને દક્ષિણેશ્વરમાં સૂઈ રહેતા. એ દિવસે પણ એ સૂઈ રહેલા.

એમને ખબર હતી કે રામકૃષ્ણદેવ રોજ મધરાત પછી ઊઠીને પોતાના ખંડને છોડીને પંચવટી તરફ જાય છે. રામકૃષ્ણદેવ મધરાતની ઊંડી શાંતિમાં પંચવટીની નીચે બેસીને ત્યાંના નીરવ વાતાવરણમાં લાંબા વખત લગી ધ્યાન કરતા ને પછી પાછા ફરતા.

વાત ઘણી સામાન્ય હતી પરંતુ એને યાદ કરવાથી નરેન્દ્રના મનમાં એ દિવસે સંશયનો ફણગો ફૂટ્યો. એ સંશયમાં સહાયક બને એવી એક બીજી હકીકત પણ એની સાથે સંકળાયેલી હતી. રામકૃષ્ણદેવ જે મકાનમાં રહેતા તે મકાનથી પંચવટી જવાના માર્ગમાં વચ્ચે નોબતખાના નામનું મકાન આવતું. તેમાં શારદાદેવી વાસ કરતાં. એટલે એ બધી કડીઓને એકઠી કરીને નરેન્દ્રની ફળદ્રૂપ કલ્પનાશક્તિને નક્કી કરતાં વાર ન લાગી કે ધ્યાન કરવા જવાના બહાને રામકૃષ્ણદેવ રોજ રાતે પોતાના ઓરડામાંથી બહાર નીકળીને સીધા નોબતખાનામાં એમની પત્ની શારદાદેવીની પાસે જ પહોંચી જાય છે!

એમને થયું કે આજે રાતે રામકૃષ્ણદેવ બહાર જાય ત્યારે એમની એ ચોરીને પકડી પાડું અને બીજાને પણ બતાવી આપું કે મધરાત પછીની એમની શારદાદેવી સાથેની કામસાધના કેવી છે!

મધરાતની રાહ જોતાં એ દિવસે રામકૃષ્ણદેવના ઓરડામાં પાથરેલી પથારી પર પડી રહ્યા.

મધરાત પછી રામકૃષ્ણદેવ ઊઠીને ઓરડાની બહાર નીકળ્યા એટલે નરેન્દ્રે પણ એમને ખબર ન પડે તેમ થોડીવાર એમની પાછળ પાછળ ચાલવા માંડ્યું.

નોબતખાના આગળ આવીને એ એની બહાર પ્રતીક્ષા કરતાં બેસી રહ્યા.

એમણે વિચાર્યું કે રામકૃષ્ણદેવ હમણાં બહાર આવશે. કેટલી સરસ રીતે પકડાઇ જશે. એમને પોતાને તો ખ્યાલ પણ ક્યાંથી હોય, હું એમની પાછળ પાછળ આવી રીતે એમને સપડાવવા માટે નીકળ્યો છું!

નરેન્દ્રના મનમાં એવા વિચારો ચાલી રહ્યા ત્યાં તો એકાદ કલાક પછી ચંદ્રના ઝાંખા પ્રકાશમાં રામકૃષ્ણદેવ દૂરથી આવતા દેખાયા. એ પંચવટીની દિશામાંથી જ આવી રહેલા.

નરેન્દ્રને નવાઇ વચ્ચે એ જોતજોતામાં એમની પાસે આવી પહોંચ્યા. ને બોલ્યા, 'નરેન્દ્ર, તું અત્યારે અહીં કેમ ઊભો રહ્યો છે?'

નરેન્દ્ર શું બોલે! એ મૌન જ રહ્યા!

પરંતુ રામકૃષ્ણદેવ અંતર્યામી હોય એમ તરત જ કહેવા માંડ્યા, 'તારા મનમાં મારા માટે સંશય પેદા થયો છે ને એથી પ્રેરાઇ ને તું મારી પરીક્ષા કરવા આવ્યો છે તેની મને ખબર છે– હરકત નહીં. પણ હવે તો તને ખાતરી થઇને કે હું મધરાત પછી ઊઠીને નોબકખાનામાં શારદાદેવી પાસે નથી જતો પરંતુ પંચવટી નીચે ધ્યાન કરવા જવું છું!

નરેન્દ્રે રામકૃષ્ણદેવને પ્રણામ કરીને પોતાનો અફસોસ જાહેર કર્યો.

રામકૃષ્ણદેવે કહ્યું, 'તારી વૃત્તિની હું કદર કરું છું. એ વૃત્તિ મને ગમે છે. માટે જ હું તારા પ્રત્યે આટલો બધો પ્રેમ રાખું છું.



કોઇ પણ વાતને ચકાસ્યા વિના કે પૂરેપૂરી અનુભવ્યા વગર સ્વીકારવી નહીં એ ભાવનાની હું પ્રશંસા કરું છું.

નરેન્દ્રની સંશય વૃત્તિની નિવૃત્તિ થઇ.

રામકૃષ્ણદેવ જેવા વિવેકી જાગ્રત ને ઉદાર મનના મહાપુરુષ અથવા ગુરુ બીજા કોણ મળે? અને નરેન્દ્ર જેવા શિષ્યો પણ કેટલા?

સંશયની વૃત્તિ કેવળ ટીકા, આલોચના કે નિંદાના આશયથી પ્રેરાઇને જ પેદા થતી ને જીવંત રહેતી હોય ને માણસને વહેમી, ક્ષુદ્ર ને હીન બનાવતી હોય તો તેવી વૃત્તિ ઉપયોગી નથી થઇ શકતી. પરંતુ એથી ઊલટું જો એ વૃત્તિ સહજ હોય, જિજ્ઞાસાથી પ્રેરાઇયેલી ને સત્યને ઓળખાવાની ભાવનાવાળી હોય તો તે મનના સમાધાનમાં તથા જીવનવિકાસમાં મદદરૂપ થઇ પડે છે. પહેલાની સંશય વૃત્તિ અભિશારૂપ અને બીજી આશીર્વાદરૂપ ઠરે છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પારસમણિ

—ડૉ. પ્રકાશ ગજ્જર

## ઈશ્વરની ઊર્જા

મને જ્યારે પણ બળની જરૂર પડે ત્યારે હું થોડા સમય માટે પણ અંતર્મુખ થાઉં છું ને મારામાં વસનારી ઈશ્વરીય ચેતનાની વિરાટ ઊર્જા ઉપર મારા મનને એકાગ્ર કરું છું. આવી દિવ્ય ઊર્જા સાથે મારું અનુસંધાન હોય ત્યારે મને કોઇ પણ તાકાતની ઊણપ રહે જ કેવી રીતે?

દિવ્ય ચેતના વિષે સજાગ થઇ એના પ્રતિ વળતાં જ મારામાં એક નવી શક્તિનો સંચાર થવા લાગે છે. હું દોહરાવું છું કે 'મારો પ્રભુ મારું જીવનકેન્દ્ર છે. એની અસીમ ઊર્જાથી હું વધારે સબળ બનતો જાઉં છું.' કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવાની તાકાત મને આ ચિંતવન ને શ્રદ્ધામાંથી મળ્યા કરે છે.

પરમાત્મા મારામાં શક્તિ વહાવતા જ રહે છે. એ મારા શરીરને જ નહિં, મન અને હૃદયને પણ સબળ બનાવે છે. મારી વિચારશક્તિ, સારાનરસા વચ્ચેનો તફાવત પારખવાની વિવેકબુદ્ધિ અને સાચો નિર્ણય લેવાની સૂઝબૂઝ મારામાં વધારે ને વધારે વિકસતાં રહે છે. ઈશ્વરીય શક્તિ સાથેના સતત અનુસંધાનનું આ સુપરિણામ છે.

જીવનનું પરમ લક્ષ્ય છે ઈશ્વરીય શક્તિને સતત અભિવ્યક્ત કરતા રહેવાનું, મારું શરીર સ્વસ્થ અને સબળ રહે, મારું મન તેજસ્વી અને શાંત હોય, મારું હૃદય સાચા અર્થમાં સંવેદનશીલ અને સશક્ત રહે એ પણ મારા લક્ષ્ય છે. પરમાત્માની કૃપા સતત લરસતી રહે છે ને એનું માંગલ્ય પરમ વિજેતા થાય છે એ મહાન સત્યમાં મારી અખંડ શ્રદ્ધા છે.



## સુદૃઢ સંકલ્પ

ખરેખર, વિશ્વમાં ઈશ્વર જ સર્વસત્તાધીશ છે. તો પછી આસપાસમાં દુષ્ટતા અને અન્યાય શા માટે જોવા મળે છે. એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. આમાં એક અગત્યનું કારણ એ છે કે મનુષ્યને તેની સ્વતંત્ર ઇચ્છા પણ આપવામાં આવેલી છે. એનો એ ગેરઉપયોગ કરે તો ઈશ્વર શું કરે? પણ અત્યારે આપણે એ ચર્ચા નથી કરવી. આપણને જે સ્વતંત્રતા મળી છે એનો સદુપયોગ આપણે કરીશું જ. બહારના જગતમાં જે કાંઇ બને તે; કેન્દ્રમાં અને પરદાની પાછળ રહેલો પરમેશ્વર એનો એ જ છે, એ નિર્વિવાદ છે.

જગતમાં ફેલાતા રહેલા કોઇ પણ સમાચાર, મતમતાંતર કે અપ્રચારથી આપણે ભરમાવાનું નથી. વિપરીત દેખાવોથી અકળાઇ જવાની કોઇ જરૂર નથી. આપણે તો એટલું જ યાદ રાખવાનું કે ઈશ્વર છે, એ સૃષ્ટિનું સંચાલન કરે છે ને આપણું જીવન એના હાથમાં સુરક્ષિત છે. આજે આ રચનાત્મક ચિંતવન પર કેન્દ્રિત થઇશું?

તમામ સંજોગોમાં હું શાંત રહેવાનો નિશ્ચય કરું છું. ઈશ્વરીય શક્તિ છે ને છે જ, એ સત્યમાં એ જ્ઞાનમાં હું મારા વિચારોને કેન્દ્રિત કરું છું.

મારામાં ઈશ્વરીય શક્તિ વસે છે. હવે મને કોઇ હચમચાવી શકે નહીં. હું નિર્ભય છું, સ્વસ્થ છું, શાંત છું.

હું જે કાંઇ કરું એમાં પ્રભુની શક્તિ મને માર્ગદર્શન આપે છે. આ શક્તિમાં મને પરમ શ્રદ્ધા છે.

મારામાં વસતી ઈશ્વરીય ચેતનાને લીધે મારું સમગ્ર જીવન આશિષમય બની રહ્યું છે.

### પરમાત્માનો વારસો

મને બીજા કોઈના જેવા થવાનું મન થાય છે? જે મને ગમે છે, જેના માટે મને આદરભાવ છે, એમના જેવી જ ક્ષમતા અને વ્યક્તિત્વ મને પણ મળે એવી ખેવના મને જાગે છે કે?

પ્રેરણા ભલે ગમે ત્યાંથી લઉં. પણ બીજાના જેવા જ થવાનું હું શા માટે વિચારું? હું 'હું' છું. મારામાં આગવી વિશેષતાઓ છે જ. તો એ બીજની માવજત હું શા માટે ના કરું? પરમાત્માની કૃપાથી હું આગવું વ્યક્તિત્વ ધરાવું છું. મારી પાસે બુદ્ધિ છે, સમજણ છે, સૂતેલી ક્ષમતાઓ છે, આગવી સંભાવનાઓ છે. એ બધું જાગૃત કરી, વિકસાવી, હું પણ પ્રભુનું અનન્ય ને સાર્થક બાળક કેમ ના બની રહું?

બીજાના ઉપર પણ પ્રભુએ કૃપાઓ વરસાવી છે ને અનેક અનુકૂળતાઓ આપી છે એની નોંધ ભલે લેવાય. એ લોકો ઉપર આશીર્વાદ ઊતર્યા છે એ સારું છે. એ સહુને આપણી શુભેચ્છાઓ હજો! પણ આપણને મળેલા આશિષનું શું? એ વિષે હવે જાગૃત થઈએ; એ બીજને વધારે માવજત આપીએ. વધારે ને વધારે વિકસતા જઈએ.

**"આળસની ગતિ એટલી ધીમી છે કે ગરીબાઈ એને પકડી પાડે છે."**



# ડૉ.જાગાણીની નિત્યનોંધની ડાયરીનાં પૃષ્ઠો

—ડૉ.બી.જે.જાગાણી

ડો. જાગાણી ભલે યુનિવર્સિટીના અધિકારી તરીકે સેવા આપતા, ગૃહસ્થી હતા, પરંતુ એમનો જીવ એક આધ્યાત્મિક સાધકનો હતો એક પૂ.માના સમર્પિત ભક્તનો હતો. એની પ્રતીતિ આ દિવંગત આત્માનાં રોજનીશીનાં પાનામાંથી મળે છે.

રોજ પ્રભાતે ઊઠી સ્નાન કરી. દિનચર્યા આરંભ કરતાં પહેલાં એમની કલમ—પ્રાર્થનારૂપે નોંધપોથીમાં પાના ઉપર હૃદયના મા—પ્રભુમય ભાવોનો અર્ઘ્ય—અક્ષર દેહે અંકિત કરતી આ છે એ નોંધો જે કોઈપણ સહૃદય ભક્તને પ્રેરણાસ્પદ હોઈ અમે આપેલ છે. —તંત્રી

**તા.૧૮—૧૦—૨૦૧૧ મંગળવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ,

આજે વહેલી સવારે પૂ.શ્રીમાએ ખૂબ સરસ સ્વપ્નદર્શન આપ્યું. સત્યપથમાં પૂ.શ્રીમા એક સ્ટૂલ પર બીરાજ્યાં છે. અમે પ્રણામ કરીએ છીએ. પીઠ પર હસ્તથી સ્પર્શ કરી આશીર્વાદ આપે છે. પોતે ભોજન કરવા બેઠાં છે. પૂ.શ્રીમા એ નાનકડો સફેદ ટૂકડો—મીઠાઈ જેવો મારા મોમાં મૂકે છે. પછી મારો ખભો દાબે છે. બાજુમાં જ હું સૂઈ જાઉં છું. પૂ.શ્રી માએ ખૂબ પ્રેમ વરસાવ્યો. આ સ્વપ્નથી ખૂબ આનંદ થયો. હે મા! સંકટો હટાવી દો. શાંતિ આપો. પ્રેમ આપો. આપનાં શ્રી ચરણોમાં પ્રેમ આપો.

—પ્રણામ

**તા.૨૦–૧૦–૨૦૧૧ ગુરુવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ.

પરિવારો પર મોટી આફત આવી પડી છે. આપ તે આફતમાંથી ઉગારી લેજો.

સર્વ આપનાં જ બાળકો છે એટલે ક્ષમા કરીને સુખી ને નિરાયમ કરી દો. શાંતિ, પ્રેમ, સંપ ને સમૃદ્ધિનું દાન આપીને આપની શરણાગતિનો મોભો વધારી દો. શ્રદ્ધાવધારી દો. શ્રદ્ધાથી તરાવો. ભક્તિથી ભાવ જગત મોટું કરો. આવી આવી પ્રાર્થનાનું ફળ મોકલો. તમે તો અંતર્યામી છો. આપના સિવાય કોઈનો આધાર નથી. એટલે તો આપને પ્રાર્થના કરીએ છીએ. જડતાનો નાશ કરો. દિવ્યતાનું દાન કરો. **–પ્રણામ**

**તા.૨૧–૧૦–૨૦૧૧ શુક્રવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ.

આપે અમને જીવન આપ્યું છે તો તેમાં આપની સર્વ દિવ્યતા ભરો.

જીવનમાં સુગંધી પુષ્પોની સુગંધ ભરો. તે સુગંધને કારણે જ વિશ્વમાં સુગંધ પ્રસરે. જ્યાં જઈએ ત્યાં.

આપતો વિશ્વના વનમાળી છો. આપ ધારો તે કરી શકો છો. અમારા માટે ધારી લો. સર્વ સ્થળે ને કાળે આપના દિવ્ય ભાવમાં જ ડૂબાડી રાખો.

સર્વ સંકટો હરો. પરિવારજનોને શાંતિ, સુખ, આનંદ ને પ્રેમ આપો. સૌમાં દિવ્યતા ભરો. કૃપા કરો. કૃપા કરો. કૃપા કરો. હે કૃપાળુ મા કૃપા કરો. લાજ રાખો. દયા કરો. પ્રેમ કરો



મૈયા પ્રેમ કરો. **–પ્રણામ**

**તા.૨૨–૧૦–૨૦૧૧ શનિવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ.

આપનું બાળક સતત શાંતિ, શરણાગતિ ને આપનો પ્રેમ ઝંખે છે. પક્ષી પીંજરામાંથી બહાર નીકળવા ફફડાટ કરે તેમ સહજરીતે ફરજો બજાવતાં બજાવતાં પીંજરના કવચ, સળીયા તોડી રહ્યું છે. મુક્ત હવા, મોજને ગગનવિહારી થવા લક્ષ્ય લઈને તે તરફ ગતિ કરી રહ્યું છે. આપ સાકાર રૂપ ધારણ કરી એ બધું નિમગ્ન અનાસક્ત થઈને જોયા કરો છો. મા! બંધન રહિત, સુખથી ભરેલું, શાંતિ, પ્રેમને સંવાદિત સર્જેલું જીવન આપો. સંકટો હરો, સંકટોમાંથી ઉગારો. **–પ્રણામ**

**તા.૨૪–૧૦–૨૦૧૧ સોમવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ.

ઘણાં વરસોથી દિવાળીનું પર્વ સ્વર્ગારોહણ ઉજવાતું ત્યારે અમે ને અમારો પરિવાર ત્યાં હાજર રહેતો. આ વર્ષે પ્રતિકૂળ સંજોગોને લીધે ત્યાં અવાયું નથી. મન સતત ત્યાં રહે છે. વળી એમ પણ થયા કરે છે કે માને ભજીયે છીએ તો પણ કષ્ટો તો ઓછો થતાં નથી. વળી એમ પણ થાય છે કે એમાં પણ માની મંગલ યોજના હશે. એવી ભાવનાયે દિવસો ચાલ્યા જાય છે. પ્રત્યેક દિવસે સ્મરણને પ્રણામ, પાઠ નિયમિત થાય છે એ પણ આપની દિવ્ય કૃપાનું જ પરિણામ છે. હે મા! શ્રદ્ધા ભરો. સમૃદ્ધિ ભરો, ભક્તિ ભરો, દર્શન ભરો. સમૃદ્ધિ ભરો, શક્તિ ભરો, દર્શન આપો. દિવ્યતા આપો. જીવન સાર્થક કરો. **–પ્રણામ**

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

કૃષ્ણ અને બળરામ બંનેને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને આખરે એમણે વિદાય લીધી ત્યારે એમની આંખ ભરાઇ આવી.

એમણે કહ્યું :

'ગોકુલવૃંદાવનની પવિત્ર ભૂમિ તમને બંનેને કદી પણ નહીં ભૂલી શકે. ત્યાંની પ્રજા, ગાયો, વનસ્પતિ તથા યમુના પણ તમને યાદ કરશે. તમે એમને નહીં ભૂલો ને કદી કદી એ ઉત્તમ ભૂમિની મુલાકાત લેશો એમ ઇચ્છું છું.'

'એ ભૂમિને અમે કદાપિ નહીં ભૂલી શકીએ.' કૃષ્ણ ને બળરામ લગભગ એકસાથે જ બોલી ઊઠ્યા; 'અને એના નિવાસીઓને પણ. માતા યશોદા તથા રોહિણીનું વિસ્મરણ અમને કોઇ કારણે નહીં થઇ શકે.'

★ ★ ★

ઉગ્રસેન બંધનમુક્ત બનીને અનેક યાદવોની સાથે વસુદેવનો એકાંત આવાસમાં આવી પહોંચ્યો ત્યારે વસુદેવે એનું ખૂબ જ સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

કૃષ્ણ તથા બળરામે પણ એ સ્વાગતમાં ભાગ લીધો.

ઉગ્રસેનનું અંતર એથી ભાવભીનું બની ગયું. તે બોલ્યોઃ

'કંસ ખૂબ જ બુદ્ધિશાળી તથા પરાક્રમી હતો, પરંતુ એની બુદ્ધિ તથા શક્તિ સન્માર્ગે ના વપરાઇ અને એને તારનાર નહીં પણ મારનાર બની એનું મને દુઃખ છે. એનાં કુકર્મો એના



વિનાશનું કારણ થઇ પડ્યાં. એણે પ્રજાને માથે એટલી બધી વિપત્તિ વરસાવેલી કે પ્રજા એના મૃત્યુનો શોક પણ નથી કરતી; એથી વધારે કરુણતા બીજી કયી હોઇ શકે?'

થોડાક સમય સુધી શાંત રહીને એણે જણાવ્યું :

'દેવર્ષિ નારદે એને અવારનવાર ચેતવણી આપી છતાં પણ એ ના ચેત્યો. એણે એનો માર્ગ ના બદલ્યો. પરિણામે જે થવાનું હતું તે થઇ ગયું. પ્રજાનો સંયુક્ત અવાજ ક્યાં સુધી નિષ્ફળ બને?'

કૃષ્ણે કહ્યું :

'કંસના મૃત્યુમાં નિમિત્ત બનવા માટે હું તમારી ક્ષમા માગું છું.'

'એને માટે ક્ષમાયાચનાની જરૂર નથી. તમે કેવળ તમારું કર્તવ્ય બજાવ્યું છે ને પ્રજાના તારણહાર બન્યા છો તે હું જાણું છું. મને તેનું દુઃખ નથી. તમારું જીવન લોકપ્રિય ને યશસ્વી બન્યું છે. પ્રજાનો તથા બીજા રાજાઓનો તમારા પર પ્રેમ છે. હવે તમે આ રાજ્યનો ઉપભોગ કરીને પ્રજાનું પાલન કરો. રાજ્ય હવે ન્યાયની દૃષ્ટિએ વિચારતાં તમારું છે.'

'એ રાજ્ય મારું નથી. તમારું છે, અથવા પ્રજાનું છે. પ્રજાનો તમારા પ્રત્યે પ્રેમ છે તે જાણું છું. પ્રજા એ પ્રેમથી પ્રેરાઇને તમારું સહર્ષ સ્વાગત કરી રહી છે. હું તો સૌનો સેવક છું ને સત્તાનો નહીં પણ સેવાનો ભૂખ્યો છું. પ્રજાની કોઇપણ પ્રકારના વ્યક્તિગત સ્વાર્થ સિવાય સેવા કરવામાં મારો સંતોષ છે. રાજસિંહાસન તમારું છે ને તમે જ એની ઉપર બેસવાના સાચા અધિકારી છો. રાજમુકુટ તમારા મસ્તક પર જ શોભી શકે તેમ છે. આવા અણિના વખતે તેનો સ્વીકાર કરીને પ્રજાને

માર્ગદર્શન આપો એ અત્યંત આવશ્યક છે. મારી સમજ પ્રમાણે મથુરાના અધીશ્વર એક તમે જ બની શકો, બીજું કોઈયે ના બની શકે.'

વસુદેવે કૃષ્ણની વાતનું સમર્થન કર્યું.

કૃષ્ણે કંસનો રાજમુકુટ મંગાવ્યો, પ્રજાના બીજા મહત્ત્વના પ્રતિનિધિઓને બોલાવ્યા, ને ઉગ્રસેનની ઘણી આનાકાની છતાં એનો અભિષેક કર્યો, ને કહ્યું :

'તમારું રાજ્ય તમને જ અર્પણ કરું છું. તેનું કુશળતાપૂર્વક, પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને સંચાલન કરો, જેથી પ્રજા સુખી બને, શાંતિ મેળવે, ને સમૃદ્ધિનાં સર્વોત્તમ શિખરોને સર કરે. તમને રાજ્યની ધુરા સુપ્રત કરીને મારા અંતરને શાંતિ થઈ.'

કૃષ્ણના ત્યાગભાવને જોઈને ત્યાં ભેગી થયેલી જનતા એમની પ્રશસ્તિ કરવા લાગી.

પ્રજાએ સર્વાનુમતે ઉગ્રસેનનો રાજા તરીકે સ્વીકાર કર્યો.

મથુરાના આજ સુધીના ઈતિહાસમાં એવી રીતે એક અવનવા અધ્યાયનો આરંભ થયો.

દુઃખી તથા પીડિત પ્રજા સુખી બનીને મનોમન ઉત્સવ કરવા લાગી.

બીજે દિવસે સવારે કૃષ્ણ, વસુદેવ તથા બીજા યાદવોએ કંસના મૃત શરીરને સ્વર્ણશિબિકા પર રાખીને યમુનાતટ પર પહોંચાડ્યું.

સુવાસિત દ્રવ્યોની મહામૂલી ચિતામાં એને ગોઠવીને વિધિપૂર્વક બાળી નાખવામાં આવ્યું.

પ્રજાએ મોટી સંખ્યામાં યમુનાતટ પર ઉપસ્થિત રહીને એને અંજલિ આપી.



રાજા ઉગ્રસેને કંસનો અંતિમ સંસ્કાર ખૂબ જ વૈભવપૂર્વક પૂરો કર્યો.

કંસે કારાગારમાં કેદ કરેલા બધા જ લોકોને મુક્ત કરવામાં આવ્યા.

મથુરામાં એવી રીતે નવી હવા ફેલાઈ રહી.

કૃષ્ણની પ્રતિષ્ઠા પ્રજામાં કંસના નાશથી તથા ઉગ્રસેનના રાજ્યાભિષેકથી વધી ગયેલી તે ઉત્તરોત્તર વધતી જ રહી.

એમની નિઃસ્વાર્થ સેવાવૃત્તિમાં કોઈને શંકા ના રહી.

એમના દિલમાં કોઈ પણ દુન્યવી લાલસાને બદલે પ્રજાના પ્રેમનો ને પ્રજાના સર્વાંગીણ હિતની ચિંતાનો જ વાસ છે એની સૌને ખાતરી થઈ.

વસુદેવ, દેવકી અને રોહિણીના જીવનમાં પણ નવો પ્રવાહ પેદા થયો.

વસુદેવે રોહિણીને વૃંદાવનથી મથુરા બોલાવી.

કૃષ્ણ તથા બળરામને યજ્ઞોપવીત આપવામાં આવ્યાં.

ક્ષિપ્રા નદીના તટ પર ઉજ્જૈનમાં સાંદીપની મુનિનું વિશાળ ગુરુકુળ હતું. તેમાં હજારો વિદ્યાર્થીઓ વિદ્યોપાર્જન માટે વાસ કરતા.

એ ગુરુકુળ દૂરદૂરના વિસ્તારો સુધી સુપ્રસિદ્ધ હતું.

એની શિક્ષાપ્રણાલિ ઘણી ઉચ્ચ હતી.

સાંદીપનીની છત્રછાયામાં રાજકુમારો અને અમીરગરીબના બાળકો કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વાસ કરતા ને પ્રેરણા તથા માર્ગદર્શન મેળવતા.

**(ક્રમશઃ)**